


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 029
Dt.: 03-12-2025, Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### તમામ રાજભવનનું નામ બદલીને 'લોકભવન'

# પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ હવે સેવા તીર્થ તરીકે ઓળખાશે

## નવું PMO 'સેવા તીર્થ-૧' માંથી કામગીરી શરૂ કરશે, જે એક્ઝિક્યુટિવ એક્લેવ-૧માં બનેલી ત્રણ નવી બિલ્ડિંગમાંથી એક છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

PMO ટૂંક સમયમાં સાઉથ બ્લોક ખાતેની તેની જૂની ઓફિસમાંથી નીકળીને નવા 'સેવા તીર્થ' કોમ્પ્લેક્સમાં શિફ્ટ થશે. દાયકાઓ પછી આ એક મોટો ફેરફાર થઈ રહ્યો છે.

નવું PMO 'સેવા તીર્થ-૧' માંથી કામગીરી શરૂ કરશે, જે એક્ઝિક્યુટિવ એક્લેવ-૧માં બનેલી ત્રણ નવી બિલ્ડિંગમાંથી એક છે. આ જ કોમ્પ્લેક્સમાં આવેલી 'સેવા તીર્થ-૨' અને 'સેવા તીર્થ-૩' ઈમારતોમાં કેબિનેટ સચિવાલય અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ની ઓફિસ હશે. આ શિફ્ટિંગની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને ૧૪ ઑક્ટોબરના રોજ કેબિનેટ સચિવ ટી. વી. સોમનાથને ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ અને ત્રણેય સેના પ્રમુખો સાથે 'સેવા તીર્થ-૨'માં એક મહત્ત્વની બેઠક પણ કરી હતી. આ નવું કોમ્પ્લેક્સ સરકારી કામકાજને વધુ ઝડપી બનાવશે અને ભારત સરકારની કાર્ય કરવાની રીતમાં એક નવો અધ્યાય લખશે. આ ફેરફારોની શરૂઆત ૨૦૧૬માં થઈ હતી, જ્યારે પીએમ મોદીએ પોતાના રહેઠાણનું નામ ૭-રેસ કોર્સ રોડ થી બદલીને ૭-લોક કલ્યાણ માર્ગ કર્યું હતું. ત્યાર બાદ ૨૦૨૨માં રાજ પથનું નામ બદલીને કર્તવ્ય પથ કરી દેવાયું હતું.

ભારતના વહીવટી તંત્રના મુખ્ય કેન્દ્રમાં હવે સેન્ટ્રલ સેક્રેટરિયેટને બદલે કર્તવ્ય ભવન છે. સરકાર આ ફેરફારને માત્ર નામ બદલવા કે છબી સુધારવા તરીકે જોતી નથી, પરંતુ તેને શાસન (ગવર્નન્સ)ની વિચારસરણીમાં આવેલા મોટા પરિવર્તનનું પ્રતીક માને છે. આ બદલાવનો હેતુ એ છે કે હવે સરકારી કામકાજમાં સત્તા, નિયંત્રણ અને અંતરના જૂના સંકેતોને દૂર કરવામાં આવે અને તેના સ્થાને સેવા, કર્તવ્ય અને જવાબદેહીના મૂલ્યોને કેન્દ્રસ્થાને લાવવામાં આવે. ટૂંકમાં, સરકારનો ધ્યેય વહીવટી તંત્રને વધુ લોકો-કેન્દ્રિત અને જવાબદાર બનાવવાનો છે.- નવું 'સેવા તીર્થ' કોમ્પ્લેક્સ વાયુ ભવન પાસેના એક્ઝિક્યુટિવ એક્લેવ-૧ વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે.

- આ કોમ્પ્લેક્સમાં ત્રણ ભવ્ય બિલ્ડિંગનો સમાવેશ થાય છે.

- આ ત્રણમાંથી, 'સેવા તીર્થ-૧' નામની પહેલી બિલ્ડિંગ દાયકાઓ પછી સાઉથ બ્લોકથી સ્થળાંતર કરીને પ્રધાનમંત્રી કાર્યાલય(PMO)નું નવું સરનામું બનશે.

- આ કોમ્પ્લેક્સની અન્ય બે બિલ્ડિંગ, 'સેવા તીર્થ-૨' અને 'સેવા તીર્થ-૩' પણ મહત્ત્વપૂર્ણ છે.

- સરકારના મોટા નિર્ણયો લેવાની જગ્યા, કેબિનેટ સચિવાલયની ઓફિસ 'સેવા તીર્થ-૨'માં સ્થિત હશે. જ્યારે દેશની સુરક્ષા સંબંધિત અગત્યની બાબતો જોતા રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA)ની ઓફિસ 'સેવા તીર્થ-૩' માં હશે.- હાલમાં શિફ્ટિંગનું કામ શરૂ થઈ ગયું છે. ૧૪ ઑક્ટોબરના રોજ કેબિનેટ સચિવ ટી. વી. સોમનાથને ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ અને ત્રણેય સેના પ્રમુખો સાથેની એક મહત્ત્વપૂર્ણ બેઠક 'સેવા તીર્થ-૨'માં યોજી હતી.

- આ નવું 'સેવા તીર્થ' કોમ્પ્લેક્સ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ અને હાઈ-ટેક હોવાથી, સરકારી કામકાજમાં વધુ ઝડપ આવશે, પરિણામે ફાઈલોનો નિકાલ અને નિર્ણયો લેવાની પ્રક્રિયા વધુ ઝડપી બનશે.

### ફોનમાંથી ડઝનબંધ ડ્રોન ફોટા મળી આવ્યા

# દિલ્હી બોમ્બ બ્લાસ્ટની તપાસમાં મોટો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હી બ્લાસ્ટ કેસની તપાસ દરમિયાન, આતંકવાદી દાનિશના ફોનમાંથી ઘણી મહત્વપૂર્ણ માહિતી બહાર આવી છે. ડિલીટ કરેલી હિસ્ટ્રી, ફોટા, વીડિયો અને એપ ડેટાની તપાસ કરતાં જાણવા મળ્યું કે, તે ડ્રોન ટેકનોલોજી અને હથિયારો પર સક્રિય રીતે કામ કરી રહ્યો હતો.

તપાસ દરમિયાન દાનિશના ફોનમાંથી ડ્રોન ફોટા મળી આવ્યા છે, જેમાં હમાસ દ્વારા ઉપયોગમાં લેવાતા ડ્રોન જેવા જ ડિઝાઈનના ડ્રોનના ફોટો મળી આવ્યા છે. આ ફોટોમાંથી ખ્યાલ આવ્યો કે, દાનિશ લાંબા સમયથી ડ્રોન ટેકનોલોજીનો અભ્યાસ કરી રહ્યો છે. પૂછપરછ દરમિયાન, દાનિશે સ્વીકાર્યું કે, તે ડ્રોન હુમલાની તૈયારી કરી રહ્યો હતો. તે ૨૫ કિલોમીટર સુધી ઉડી શકે તેવા હળવા વજનના ડ્રોન બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો, જેનાથી હુમલો કરી શકે છે.

ડ્રોનના ફોટોઝ ઉપરાંત, ફોનમાંથી રોકેટ લોન્ચરની ઘણા ફોટોઝ પણ મળી આવી છે. ડઝનબંધ વીડિયો પણ મળી આવ્યા હતા, જે દર્શાવે છે કે, ડ્રોનમાં વિસ્ફોટકો કેવી રીતે બનાવવા, સુધારવા અને ઈન્સ્ટોલ કરવા જોઈએ.

તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે, આ બધા વીડિયો અને માહિતી એક ખાસ એપ દ્વારા ડેનિશને મોકલવામાં આવી રહી હતી. આ એપમાં ઘણા વિદેશી નંબરો પણ મળી આવ્યા હતા, જેની તપાસ હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) દ્વારા કરવામાં આવી રહી છે.આ અગાઉ, NIA એ ગયા મહિને દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસના ભાગ રૂપે સોમવારે જમ્મુ અને કાશ્મીર અને ઉત્તર પ્રદેશમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. NIA દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, ઘણા આરોપીઓ અને શંકાસ્પદોના પરિસરની તપાસ દરમિયાન વિવિધ ડિજિટલ ઉપકરણો અને અન્ય ગુનાહિત સામગ્રી જપ્ત કરવામાં આવી હતી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, જમ્મુ અને કાશ્મીરના શોપિયા, કુલગામ, પુલવામા અને અવંતીપોરા જિલ્લામાં કુલ આઠ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જ્યારે ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉંમાં એક પરિસરની તપાસ કરવામાં આવી હતી.

### ચીન અને પાકિસ્તાનની ઊંઘ ઊડાડી દેવાની તૈયારી

# ઈઝરાયલની મદદથી ભારત 'ઘાતક' ડ્રોન બનાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે પોતાની સંરક્ષણ ક્ષમતાઓને વધુ મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું ભરતા ઈઝરાયલી હેરોન MK-II ડ્રોનની નવી ખરીદી પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ઑપરેશન સિંદૂર બાદ લાગુ કરાયેલા કટોકટીના નિયમો હેઠળ શરૂ કરાયેલી આ પહેલ માત્ર દેખરેખની ક્ષમતાઓને જ નહીં વધારે, પરંતુ ભારતમાં જ આ હાઈ-ટેક ડ્રોનના નિર્માણનો માર્ગ પણ ખોલી શકે છે. સૂત્રોનું કહેવું છે કે આ અદ્યતન UAVsના ભારતમાં જ સ્થાનિક ઉત્પાદન પર પણ ચર્ચા ચાલી રહી છે. જેનાથી ટેક્નોલોજીનું સંપૂર્ણ હસ્તાંતરણ થઈ શકે છે અને સંરક્ષણ ક્ષેત્રે 'મેક ઈન ઈન્ડિયા' પહેલને મજબૂત કરી શકાય છે. સેનાના ત્રણેય અંગો- થલસેના, વાયુસેના અને નૌસેનાએ આ ડ્રોન ખરીદવાનો નિર્ણય લીધો છે, જોકે નૌસેના દ્વારા ખરીદવામાં આવનાર ડ્રોનની ચોક્કસ સંખ્યા હજી જાહેર કરવામાં આવી નથી.ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ(IAI) દ્વારા વિકસિત આ હેરોન MK-2 એક મધ્યમ ઊંચાઈ અને લાંબી દૂરી સુધી ઉડાન ભરવામાં સક્ષમ માનવરહિત વ્હીકલ(UAV) છે. આ ડ્રોન 35,000 ફૂટની ઊંચાઈ પર ઉડાન ભરી શકે છે અને તેની મહત્તમ ઝડપ 150 નોટ છે, જે તેને સતત 45 કલાક સુધી હવામાં રહેવા માટે સક્ષમ બનાવે છે. તેમજ તે 1430 કિલોગ્રામ સુધીનું વજન વહન કરી શકે છે. આ ડ્રોન મુખ્યત્વે ચીન અને પાકિસ્તાન સાથેની સરહદો પર લાંબી દૂરીની દેખરેખ માટે તૈનાત કરવામાં આવે છે, જ્યાં તે અત્યંત અસરકારક સાબિત થયા છે.ચીન સાથે પૂર્વી લદ્દાખમાં LAC પરના તણાવ બાદ ભારતે 2021માં હેરોન MK-2 ડ્રોન ખરીદવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં થલસેના અને વાયુસેના માટે બબ્બે ડ્રોનનો ઓર્ડર આપવામાં આવ્યો હતો, પરંતુ તાજેતરના વર્ષોમાં ખરીદી વધારવામાં આવી છે. IAIના અધિકારીઓએ જણાવ્યું કે તેઓ 'મેક ઈન ઈન્ડિયા' પ્રત્યે ખૂબ જ જાગૃત છે અને ભારતીય જરૂરિયાતો પૂરી કરવા માટે સ્થાનિક ભાગીદારો સાથે કામ કરી રહ્યા છે.

### પરાળી પર દોષનો ટોપલો ઢોળતી કેન્દ્રને સુપ્રીમની ફટકાર

# પ્રદૂષણ માટે માત્ર પરાળી સળગાવતા ખેડૂતો જ જવાબદાર નથી : સુપ્રીમ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે દિલ્હીના પ્રદૂષણને લઈને સોમવારે કહ્યું હતું કે અમે પ્રદૂષણ મુદ્દે ચુપચાપ બેસી ના શકીએ. પ્રદૂષણ રોકવાના કોઈ ઉપાય જ નથી એવુ પણ માની લેવાની જરૂર નથી. એવુ પણ માની લેવાની જરૂર નથી કે પ્રદૂષણ એ માત્ર ઋતુ આધારીત છે. આ મામલે હવે સુપ્રીમ કોર્ટમાં દરરોજ સુનાવણી કરવામાં આવશે. સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે મોટી ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે દિલ્હીના પ્રદૂષણ માટે માત્ર ખેડૂતોને જવાબદાર ના ઠેરવી શકાય. પંજાબ અને હરિયાણાના ખેડૂતો દ્વારા પરાળી સળગાવવાને કારણે દિલ્હી એનસીઆરમાં પ્રદૂષણ થતું હોવાનો આરોપ લગાવાઈ રહ્યો છે એવામાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે કોરોના મહામારી સમયે પણ પરાળીઓ સળગાવાતી હતી પરંતુ તે સમયે તો આકાશ સ્વચ્છ હતું, જે દર્શાવે છે કે પરાળી સળગાવવાને પ્રદૂષણનું એકમાત્ર કારણ ના ગણી શકાય. અમે પરાળી સળગાવવાના મુદ્દા પર કોઈ જ ટિપ્પણી કરવા નથી માગતા, જે લોકો (ખેડૂતો) આ કોર્ટમાં હાજર જ નથી તેમના પર બધુ ભારણ નાખવું યોગ્ય નથી. આ સાથે જ મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે અમે લોન્ગ ટર્મ, શોર્ટ ટર્મ પ્લાન જોવા માગીએ છીએ, કેન્દ્રીય પ્રદૂષણ કન્ટ્રોલ બોર્ડ, એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન, કેન્દ્ર સરકાર પાસેથી કાયમી ઉપાય માટેના આયોજન અંગે જવાબ માગ્યો હતો. હવે આ મામલે ૧૦મી ડિસેમ્બરના રોજ વધુ સુનાવણી કરવામાં આવશે. સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસિટર જનરલ એશ્વર્ય ભાટીએ કહ્યું હતું કે પ્રદૂષણ પરાળી સળગાવવા, વાહનો દ્વારા થતું પ્રદૂષણ, કન્ટ્રક્શનની ધૂળ, રોડની ધૂળ વગેરેને કારણે થાય છે.

### ગત મહિને ૬ નવેમ્બરે ઈઝરાયેલ અને હમાસની વચ્ચે એક સમજૂતિ થઈ હતી

# ઈઝરાયેલે રાફાની સુરંગમાં ફસાયેલા ૪૦ આતંકીઓને ઠાર કર્યા

**હમાસના આતંકીઓ છેલ્લા નવ મહિનાથી સુરંગોમાં છુપાયેલા હતા રાફાની સુરંગોમાં હજુ હમાસના ૨૦૦ આતંકીઓ છુપાયા હોવાનો દાવો**

(સંપૂર્ણ સમાચાર સેવા)તેલઅવીવ

ઈઝરાયેલે દાવો કર્યો છે કે સુરંગમાં ફસાયેલા હમાસના ૪૦ આતંકીઓને ઠાર કરી દીધા છે. આ આતંકીઓ ગાઝાના દક્ષિણમાં આવેલા રાફાની સુરંગમાં હતા. ઈઝરાયેલની સેનાએ રવિવારે નિવેદન જાહેર કરીને કહ્યું કે, હથિયારોથી સજ્જ આતંકીઓને ખતમ કરવા માટે રાફામાં આવેલી સુરંગોને નષ્ટ કરી દીધી છે. ગત સપ્તાહે સુરંગોની અંદર ૪૦થી વધુ આતંકીઓ માર્યા ગયા છે. આ પહેલા પણ ઈઝરાયેલ રાફામાં કેટલાક આતંકીઓને મારી દીધા અને ધરપકડ કર્યાનો દાવો કરી ચૂક્યું છે. જોકે, ઈઝરાયેલના દાવાની સામે હમાસે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી.

ઈઝરાયેલના મીડિયા રિપોર્ટ પ્રમાણે, રાફાની જમીનની નીચે (સુરંગોમાં) છેલ્લા નવ મહિનાથી એટલે કે માર્ચ-૨૦૨૫થી લગભગ હમાસના ૨૦૦ આતંકી ફસાયેલા છે. હમાસની માંગ છતાં ઈઝરાયેલ તેમને બહાર નીકળવાનો રસ્તો આપવા માટે તૈયાર નથી. મીડિયા અહેવાલ મુજબ રાફામાં હમાસના અનેક આતંકવાદીઓનો છેલ્લા સાતેક મહિનાથી સંપર્ક થઈ શક્યો નથી. કદાચ, એ જાણતા નહીં હોય કે હવે શસ્ત્રવિરામ લાગુ થઈ ચુક્યો છે.આ પૈકી એક આતંકીએ કહ્યું કે હજુ સુરંગોમાં ફસાયેલા અમારા સાથીઓને બહાર કાઢવા માટે શસ્ત્રવિરામ લાગુ રાખવો જરુરી છે. ઉલ્લેખનીય છે કે, ગત મહિને ૬ નવેમ્બરે ઈઝરાયેલ અને હમાસની વચ્ચે એક સમજૂતિ થઈ હતી. આ અંતર્ગત હમાસના સભ્યોને સુરક્ષિત બહાર કાઢવાનો રસ્તો આપવામાં આવે.

ઈઝરાયેલ તેમને મારી નાંખવાને બદલે કોઈ ત્રીજા દેશમા કે ગાઝાના અન્ય ભાગોમાં જવાની તક આપે. જોકે, ઈઝરાયેલ આ માટે સંમત થયું નહીં.

# સ્વિટ્ઝર્લેન્ડમાં ધનવાનો પર વારસાઈ ટેક્સનો પ્રસ્તાવ ૭૮ ટકા મતથી ફગાવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ઝુરિચ

સ્વિટ્ઝર્લેન્ડમાં સમાજવાદી પાર્ટીઓએ ધનવાનો પર ટેક્સ લગાડવાની ભલામણ કરીને દેશવ્યાપી ઝુંબેશ ચલાવી હતી. તેના પરિણામે સ્વિટ્ઝર્લેન્ડમાં જનમત સંગ્રહ થયો હતો. એમાં ધનવાનો પર તોતિંગ ૫૦ ટકા ટેક્સ લગાડવાના પ્રસ્તાવને ૭૮ ટકા વોટિંગથી નાગરિકોએ નકારી દીધો હતો.

ભારતમાં રાહુલ ગાંધીએ પણ ૨૦૨૪ની ચૂંટણીમાં આ પ્રકારની યોજના લાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. સ્વિટ્ઝર્લેન્ડના સમાજવાદી પક્ષોએ તેનાથી પ્રેરિત થઈને કેમ્પેઈનિંગ કર્યાનું કહેવાય છે.

સ્વિટ્ઝર્લેન્ડની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીની યુવાપાંખ જેયુએસઓએ ધનવાનો પર ૫૦ ટકા વારસાઈ ટેક્સ લાદવા અંગે દેશવ્યાપી કેમ્પેઈનિંગ કર્યું હતું. શરૂઆતમાં એ ઝુંબેશને લોકસમર્થન પણ મળતું હતું. આ પાર્ટીની યુવાપાંખે એવું સૂત્ર બનાવ્યું હતું કે દેશના ધનવાન પરિવારોને વારસામાં ધન-સંપત્તિ મળે છે, જ્યારે સામાન્ય લોકોના ભાગે ક્લાઈમેટ ચેન્જ, મોંઘવારી, આર્થિક અનિશ્ચિતતા વગેરે આવે છે. આ અસંતુલન ન ચાલે. સંતુલન જાળવી રાખવા માટે ધનવાનોએ ૫૦ ટકા વારસાઈ ટેક્સ ચૂકવવો જોઈએ.આ કેમ્પેઈનિંગ રાહુલ ગાંધીની ૨૦૨૪ની 'ખટાખટ' યોજના જેવું હતું. જેમાં રાહુલ ગાંધીએ કહેલું કે ધનવાનો પાસેથી પૈસા લઈને તે મહિલાના અકાઉન્ટ્સમાં ખટાખટ ખટાખટ એક લાખ રૂપિયા નાખી દેશે. જોકે, રાહુલ ગાંધીનું કેમ્પેઈન સફળ થયું ન હતું અને પાર્ટી સત્તામાં આવી ન હતી. એ જ રીતે તેનાથી પ્રેરિત સ્વિટ્ઝર્લેન્ડનું વારસાઈ ટેક્સનું કેમ્પેઈન પણ સફળ થયું ન હતું. જનમત સંગ્રહમાં ૭૮ ટકાથી વધુ મતદારોએ પ્રસ્તાવના વિરોધમાં વોટિંગ કર્યું હતું.




# તંત્રી લેખ......

## સંસદ સત્રનો તર્ક હંગામાથી શરૂ થયો

સંસદનું શિયાળુ સત્ર હંગામાથી શરૂ થયું. સૌથી વધુ હંગામો મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણા પર હતો. વિપક્ષ માંગ કરી રહ્યું છે કે બિહાર પછી અન્ય રાજ્યોમાં લાગુ કરાયેલા એસઆઈઆર પર ગૃહમાં ચર્ચા કરવામાં આવે. જ્યારે આ અંગે ચર્ચા થઈ શકે છે, ત્યારે સરકાર વિપક્ષના પ્રશ્નોના જવાબ કેવી રીતે આપી શકે છે, જે ખરેખર ચૂંટણી પંચની જવાબદારી છે?

એસઆઈઆર પ્રક્રિયા ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે, અને ફક્ત તે જ તેના સંબંધિત પ્રશ્નોના સચોટ જવાબો આપી શકે છે. એવું નથી કે ચૂંટણી પંચ એસઆઈઆર સંબંધિત ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવાનો ઈનકાર કરી રહ્યું છે. તે રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથેની તેમની બેઠકો દરમિયાન તેમના પ્રશ્નોના જવાબ આપે છે, પરંતુ સુપ્રીમ કોર્ટ સમક્ષ પણ તેની સ્થિતિ સ્પષ્ટ કરે છે. સુપ્રીમ કોર્ટે બિહારમાં એસઆઈઆર વિશે અસંખ્ય વખત સુનાવણી કરી છે. આ સુનાવણી દરમિયાન, ચૂંટણી પંચે વિપક્ષી પક્ષોના વકીલો દ્વારા ઉઠાવવામાં આવેલા દરેક પ્રશ્નના જવાબ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે બિહારમાં એસઆઈઆર પર પ્રતિબંધ મૂકવાનું જરૂરી ન માન્યું હોવાથી, તે સરળતાથી સમજી શકાય છે કે તે ચૂંટણી પંચના જવાબથી સંતુષ્ટ છે. હવે, ૧૨ રાજ્યોમાં એસઆઈઆર અંગે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ સુનાવણીથી વિપક્ષી પક્ષોને કંઈ ફાયદો થશે તે શંકાસ્પદ છે, કારણ કે સુપ્રીમ કોર્ટને એસઆઈઆરમાં કોઈ ખામી દેખાતી નથી. એસઆઈઆર પર સ્ટે પણ અશક્ય છે, કારણ કે બિહાર જેવા અન્ય રાજ્યોમાં તેનો અમલ કરવો એ સમયની માંગ છે. એ સમજવું વધુ સારું છે કે મતદાર યાદીઓમાં સુધારો કરવાનો એક જ ઉકેલ છે, અને તે છે એસઆઈઆર. વિપક્ષ એસઆઈઆર અંગે સૂચનો આપી શકે છે, પરંતુ જો તે તેને બિલકુલ લાગુ થવાથી રોકવા માંગે છે, તો આ અશક્ય છે. વિપક્ષે એસઆઈઆર પર સંસદમાં હંગામો કરીને એસઆઈઆરને ચર્ચામાં લાવ્યો હશે, પરંતુ એક રીતે, તે હારેલી લડાઈ લડી રહ્યું હોય તેવું લાગે છે. આ વાત એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે મણિપુર સંબંધિત જીએસટી બિલ લોકસભામાં હોબાળા વચ્ચે કોઈપણ ચર્ચા વિના પસાર થઈ ગયું. ચર્ચા વિના બિલ પસાર કરવું એ અપવાદ હોઈ શકે છે, પરંતુ તે સામાન્ય ન બનવું જોઈએ. સંસદીય પ્રક્રિયા માટે એ સારું સંકેત નથી કે ચર્ચા વિના બિલ પસાર થાય છે. જો ચર્ચા વિના બિલ પસાર થતા રહે છે, તો સંસદીય સત્ર બોલાવવાનો તર્ક ખોવાઈ જશે. સંસદના આ સત્રમાં ચર્ચા વિના વધુ બિલ પસાર થાય તો નવાઈ નહીં લાગે. આ વલણ બંધ થવું જોઈએ, અને તે ત્યારે જ બંધ થશે જ્યારે શાસક અને વિપક્ષ બંને પક્ષો સંસદના કામકાજને પ્રાથમિકતા આપશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: ચાંદીના વાયદામાં ઊંચા મથાળેથી રૂ.૨૦૮૦નો કડાકો: સોનાના વાયદામાં રૂ.૪૭૧ની નરમાઈ: ક્રૂડ તેલમાં રૂ.૬નો સુધારો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૮૫૫૬.૯૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૧૫૮૫.૭૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૧૫૬૧.૭૧ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૧૦૬૧ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૩૦૧૫૬.૨૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૮૫૫૬.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૯૧૫૮૫.૭૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૧૨.૫૯ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૦૬૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૦૮૬.૧ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૧૫૬૧.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૦૧૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦૭૭૮ અને નીચામાં રૂ.૧૨૯૩૫૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૦૬૫૨ના આગલા બંધ સામે રૂ.૪૭૧ ઘટી રૂ.૧૩૦૧૮૧ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૨૬ ઘટી રૂ.૧૦૪૦૭૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૩ ઘટી રૂ.૧૩૦૪૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૯ ઘટી રૂ.૧૨૯૦૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૪૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૯૮૧૫ અને નીચામાં રૂ.૧૨૮૫૩૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૭૨૧ના આગલા બંધ સામે રૂ.૫૨૨ ઘટી રૂ.૧૨૯૧૯૯ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૧૮૦૭૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૮૦૭૦૧ અને નીચામાં રૂ.૧૭૭૩૭૨ના મથાળે અથડાઈ, રૂ.૧૮૨૦૩૦ના આગલા બંધ સામે રૂ.૨૦૮૦ ઘટી રૂ.૧૭૯૯૫૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૯૬૫ ઘટી રૂ.૧૮૦૬૦૮ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૯૭૫ ઘટી રૂ.૧૮૦૫૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૩૮૯.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૨.૨૫ વધી રૂ.૧૦૫૨.૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો ૩૫ પૈસા વધી રૂ.૩૦૮.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૧.૬ વધી રૂ.૨૭૭.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૩૦ પૈસા વધી રૂ.૧૮૩ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૬૦૨.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૨૫ અને નીચામાં રૂ.૩૮૬૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૨ વધી રૂ.૪૦૦૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૬૧ અને નીચામાં રૂ.૫૩૨૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩૨૪ના આગલા બંધ સામે રૂ.૬ વધી રૂ.૫૩૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૮ વધી રૂ.૫૩૩૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૧.૨ વધી રૂ.૪૪૪.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧૧.૨ વધી રૂ.૪૪૪.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૦૮ના ભાવે ખૂલી, રૂ.૧.૧ ઘટી રૂ.૯૧૧.૧ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૧૧૦ ઘટી રૂ.૨૫૦૦૦ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૧ના ભાવે ખૂલી, રૂ.૨ ઘટી રૂ.૨૭૧૧ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૬૦૫૮.૬૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૫૫૦૩.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૯૨૬.૫૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૯.૯૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧.૧૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૧.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૦.૭૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૫૯.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૨૨.૧૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૩૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૬૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૪૬૪૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૬૯૭૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૯૮૯૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૧૩૩૨૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૩૦૦૦૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૧૩૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૧૮૩૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૧૧૭૩૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૦૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૫૮૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૫૨૩૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૧૬૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૧૨૩૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૦૯૦૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૪૧ પોઈન્ટ ઘટી ૩૧૦૬૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૫ વધી રૂ.૧૬૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૨ વધી રૂ.૨૯.૩ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૮.૫ ઘટી રૂ.૧૧૩૧.૫ થયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૮૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૪૭.૫ ઘટી રૂ.૬૨૮૯.૫ થયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૬ પૈસા વધી રૂ.૨૩.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૮ પૈસા ઘટી રૂ.૩.૭૫ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૫૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૨ ઘટી રૂ.૧૩૦.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૪૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧૫ ઘટી રૂ.૨૫.૨ થયો હતો. સોનું ડિસેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦ વધી રૂ.૩૧૦ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ડિસેમ્બર રૂ.૧૭૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૭૭.૫ વધી રૂ.૫૭૭૨.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ડિસેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૭૬ પૈસા ઘટી રૂ.૪.૨૩ના ભાવે બોલાયો હતો. જસત ડિસેમ્બર રૂ.૩૦૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૭ ઘટી રૂ.૪.૪ના ભાવે બોલાયો હતો.

# અમદાવાદમાં સેલ્સમેનની નજર ચૂકવી મહિલાએ કરી વીંટીની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં સતત બીજા અઠવાડિયે શોરૂમમાંથી મહિલા દ્વારા ચોરીની ઘટના સામે આવી છે, જેમાં ગોતા વિસ્તારના એક જ્વેલર્સની દુકાન નિશાન બની છે. પોલીસ ફરિયાદ મુજબ, આશરે ૫૦ વર્ષની એક અજાણી મહિલા ગ્રાહક ખરીદીના બહાને આવી હતી અને તેણે ચાલાકીપૂર્વક કર્મચારીઓની નજર ચૂકવીને સોનાની વીંટીની ચોરી કરી હતી. આ ચોરીનો સમગ્ર બનાવ જ્વેલર્સના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે, જેના આધારે શોરૂમના સેલ્સમેને કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સેલ્સમેનની ફરિયાદ મુજબ, આ ચોરીની ઘટના ગત તારીખ ૨૮-૧૧-૨૦૨૫ના રોજ બપોરે આશરે ૧૨.૪૫ વાગ્યે બની હતી. આ સમયે લગભગ ૫૦ વર્ષની એક અજાણી મહિલા ગ્રાહક લગ્નપ્રસંગ માટે સોનાની વીંટીઓ અને બુટ્ટીઓ ખરીદવાના બહાને શોરૂમમાં આવી હતી. શોરૂમના કર્મચારી અશ્વિનભાઈ પ્રજાપતિએ તેમને વિવિધ ડિઝાઈનના દાગીના બતાવ્યા હતા. મહિલાએ તેમાંથી પાંચ વીંટી અને એક બુટ્ટી પસંદ કરીને અલગ મુકાવી હતી. આ પસંદગી દરમિયાન જ મહિલાએ નજર ચૂકવીને વીંટીની ચોરી કરી હતી. પસંદગી ચાલી રહી હતી તે દરમિયાન જ, અજાણી સ્ત્રીએ ચાલાકીપૂર્વક કર્મચારી અશ્વિન પ્રજાપતિની નજર ચૂકવીને ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી કર્યા બાદ તેણે એટીએમમાંથી પૈસા ઉપાડીને તરત પાછા આવવાનું બહાનું કર્યું હતું અને શોરૂમમાંથી બહાર નીકળી ગઈ હતી. જોકે, તે સ્ત્રી પાછી ફરી નહોતી, અને તેનું રહેઠાણ ક્યાં છે તે અંગેની કોઈ માહિતી શોરૂમના સ્ટાફ પાસે નથી. જ્યારે વિપુલભાઈ જોષી અને સ્ટાફે ઘરેણાંનું સ્ટોક પત્રક તપાસ્યું, ત્યારે ચોરીની હકીકત સામે આવી. સ્ટોક ચેક કરતાં, ૬.૪૪૦ ગ્રામ વજનની 'ઓમ'ની ડિઝાઈનવાળી સોનાની એક વીંટી ઓછી જણાતા ચોરી થઈ હોવાનું નિશ્ચિત થયું, જેની કિંમત આશરે રૂપિયા ૯૦,૦૦૦ છે.

### સિદ્ધારમૈયા રાજીનામું આપવા તૈયાર?

# શિવકુમાર અને હું ભાઈ જેવા: CM સિદ્ધારમૈયા

### કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે, તે તમામ નેતાઓને સ્વીકાર્ય રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કર્ણાટક

કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનની ચાલી રહેલી અટકળો વચ્ચે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારે મંગળવારે (૨ ડિસેમ્બર) સવારે શિવકુમારના નિવાસસ્થાને એક બ્રેકફાસ્ટ મીટિંગ યોજીને પોતાની સંપૂર્ણ એકતાનો સંદેશ આપ્યો છે. લગભગ દોઢ કલાક સુધી ચાલેલી આ મુલાકાત બાદ બંને દિગ્ગજ નેતાઓએ સંયુક્ત રીતે મીડિયા સાથે વાત કરી હતી અને જણાવ્યું હતું કે, તેઓ તમામ મુદ્દાઓ પર એકજૂટ છે.મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, 'શિવકુમાર અને હું ભાઈ જેવા છીએ અને અમે પાર્ટી માટે મળીને કામ કરી રહ્યા છીએ. જ્યારે પણ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી અને હાઈકમાન્ડ નક્કી કરશે, ત્યારે શિવકુમાર મુખ્યમંત્રી બનશે. મંગળવારે હું



શિવકુમરાના ઘરે બ્રેકફાસ્ટ માટે ગયો હતો, તે પહેલા શિવકુમાર મારા ઘરે આવ્યા હતા અને તેમના ઘરે આવવા માટે આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ અમે બેઠક યોજી છે.'

સિદ્ધારમૈયાએ વધુમાં કહ્યું કે, 'અમે બેઠકમાં પક્ષ અને સરકાર સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી છે. અમે ૮ ડિસેમ્બરથી શરૂ થનારા વિધાનસભાના બે અઠવાડિયાના સત્રની રણનીતિ અંગે પણ ચર્ચા કરી છે. અમે ભાજપ દ્વારા લાવવામાં આવનાર અવિશ્વાસ પ્રસ્તાવ સહિતના અન્ય મુદ્દાઓનો કોંગ્રેસ આક્રમક રીતે જવાબ આપવા તૈયાર છીએ.'નેતૃત્વ પરિવર્તનની ચાલી રહેલી અટકળો અંગે સિદ્ધારમૈયાએ કહ્યું કે, 'કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે, તે તમામ નેતાઓને સ્વીકાર્ય રહેશે. અમારી એકતા માત્ર આજની બેઠક પૂરતી મર્યાદિત નથી, પરંતુ અમે હંમેશા એકજૂટ રહીશું. હું ટૂંક સમયમાં જ હાઈકમાન્ડ સાથે મુલાકાત કરીશ અને બુધવારે મંગલુરુમાં કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ કે.સી. વેણુગોપાલ સાથેના એક કાર્યક્રમમાં હાજરી આપીશ.'નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમારે એક્સ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'મેં આજે મુખ્યમંત્રીને મારા નિવાસસ્થાન પર નાસ્તા માટે આમંત્રણ આપ્યું હતું. મેં રાજ્યના સુશાસન તથા સતત વિકાસ માટેની મારી પ્રતિબદ્ધતાને દોહરાવી હતી.' બેઠકમાં શિવકુમારના ભાઈ અને પૂર્વ સાંસદ ડી.કે.સુરેશ તેમજ કોંગ્રેસના ધારાસભ્ય એચ.ડી.રંગનાથ પણ હાજર રહ્યા હતા. સુરેશ અને રંગનાથે મુખ્યમંત્રીનું સ્વાગત કર્યું હતું. બંને દિગ્ગજ નેતાઓની મુલાકાત રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, કારણ કે બંને નેતાઓએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે આગામી ૨૦૨૮ની વિધાનસભા ચૂંટણીઓ સહિત તમામ મુદ્દાઓ પર તેઓ એકસાથે મળીને કામ કરશે.

# GMDC પાસે BMW બાઈક ચાલકનું રેલિંગ સાથે અથડાતા કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદમાં માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં બીજી એક ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં પૂરઝડપે જઈ રહેલા યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. ગત મોડી રાત્રે વેજલપુરમાં રહેતો પાર્થ કલાલ નામનો ૨૫ વર્ષીય યુવક પોતાની BMW બાઈક લઈને જઈ રહ્યો હતો. અંધજન મંડળથી હેલ્મેટ સર્કલ તરફ જતાં GMDC ગ્રાઉન્ડની બહાર BRTSની રેલિંગ પાસે પાર્થનું બાઈક પૂર ઝડપે રેલિંગ સાથે ધડાકાભેર અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે પાર્થને ગંભીર ઈજાઓ થવાના કારણે સ્થળ પર જ તેનું મોત થયું હતું. બનાવની જાણ થતાં જ ટ્રાફિક પોલીસ અને પાર્થના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. એ ડિવિઝન ટ્રાફિક પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા આ અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા માટે આસપાસના CCTV ફૂટેજ તપાસવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં અકસ્માતની બે મોટી અને ગંભીર ઘટનાઓ બની છે. સોમવારે વહેલી સવારે નોકરીએ જઈ રહેલા ગાંધીનગરના ૨૧ વર્ષીય યુવકને નિરમા યુનિવર્સિટી પાસે છારોડી નજીક અજાણ્યા વાહને ટક્કર મારતા તેનું મોત થયું હતું, જ્યારે આ બીજા બનાવમાં પૂરઝડપે જઈ રહેલા યુવકનું પણ ગંભીર અકસ્માતમાં ઘટનાસ્થળે જ મોત થયું છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### રાજસ્વમાં ૧૫.૮૮%નો ઐતિહાસિક વધારો, માલવહન રાજસ્વ સર્વકાલીન ઉચ્ચ સ્તરે

# અમદાવાદ મંડળે નવેમ્બર ૨૦૨૫માં રેકોર્ડ રૂ.૮૦૦ કરોડથી વધુની આવક પ્રાપ્ત કરી

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે નવેમ્બર ૨૦૨૫માં ઉત્કૃષ્ટ કામગીરી દર્શાવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. મંડળે નવેમ્બર ૨૦૨૫માં કુલ રૂા.૮૦૬.૬૮ કરોડની આવક પ્રાપ્ત કરી, જે ગયા વર્ષની આ જ મહિનાના પ્રદર્શન કરતાં ૧૫.૮૮% વધુ છે.

નવેમ્બર ૨૦૨૫ ની સિદ્ધિઓ

સર્વોત્તમ માલવહન આવક: મંડળે રૂા.૬૨૮.૬૮ કરોડની ઉત્તમ માલવહન આવક (Goods Revenue) હાંસલ કરી છે. આ નાણાકીય વર્ષના નવેમ્બર ૨૦૨૫ મહિનામાં અત્યાર સુધીનું સર્વોત્તમ પ્રદર્શન છે, જે નવેમ્બર ૨૦૨૪ની માલવહન આવક રૂા.૫૫૪.૬૫ કરોડ કરતાં ૧૩.૩૫% વધુ છે.

OCH (અન્ય કોચિંગ આવક) માં મહત્વપૂર્ણ વધારો: અન્ય કોચિંગ (OCH) રાજસ્વ રૂા.૨૫.૫૦ કરોડ રહી, જે ગયા વર્ષે નવેમ્બર ૨૦૨૪ ની OCH રાજસ્વ રૂા.૧૬.૨૦ કરોડથી ૫૭.૪૧% વધુ છે.

મુસાફર ટ્રાફિકમાં વધારો: નવેમ્બર ૨૦૨૫ માં મંડળમાંથી ૩૪.૯૦ લાખ મુસાફરોએ મુસાફરી કરી, જેના પરિણામે રૂા.૧૫૨.૫૯ કરોડનું આવક પ્રાપ્ત થઈ, જે ગયા વર્ષેના રૂા.૧૨૫.૨૮ કરોડની તુલનામાં ૨૧.૮૦% નો નોંધપાત્ર વધારો દર્શાવે છે.

ટિકિટ નિરીક્ષણ આવક: ટિકિટ નિરીક્ષણ આવકમાં પણ સુધારો થયો છે, જે રૂા.૨.૪૩ કરોડ સુધી પહોંચી ગઈ છે, જે ગયા વર્ષની રૂા.૧.૮૨ કરોડની સરખામણીએ ૩૩.૫૨% વધુ છે.

BDU (બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ) ના પ્રયાસો:

બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (BDU) ના અવિરત પ્રયાસોના પરિણામરૂપ, પાંચ માલ વહન ટર્મિનલોએ પોતાનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ માસિક માલ વહન આવકનો આંક નોંધાવ્યો છે.

ચંડીસર (ATGC) ખાતે મેસર્સ અલ્ફા ટર્મિનલ પ્રાઈવેટ લિમિટેડનું GCT: રૂા.૩.૩૬ કરોડ.

મેસર્સ નવકાર કોર્પોરેશન લિમિટેડ (NCLW) નો GCT: રૂા.૧૦.૪૩ કરોડ.

મેસર્સ કૉન્ટિનેન્ટલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWCJ) ન્હાવા શેવા: રૂા.૫.૨૯ કરોડ.



સણોસરા માલ ટર્મિનલ (SNSR): રૂા.૯.૬૨ કરોડ.

શિરવા માલ ટર્મિનલ (SRVA): રૂા.૧૧.૩૭ કરોડ.

નવા યાતાયાત સ્ટ્રીમ અને નવીનતા

નવું ઉત્પાદન (New Commodity): પ્રથમ વખત ડેડિકેટેડ રેફ્રિજેરેટેડ "રીફર" કન્ટેનર રેકને સફળતાપૂર્વક MHPL—સાણંદથી પિપાવાવ બંદર માટે લોડ કરી રવાનગી અપાઈ, જેના પરિણામે રૂા.૬.૫૭ લાખનું આવક પ્રાપ્ત થઈ

નવું પ્રારંભિક બિંદુ (New Originating Point): ગાંધીધામ (GIMB) થી આજરા (AZA), એન.એફ. રેલવે માટે મિશ્રત માલનો નવો રેક લોડ કરવામાં આવ્યો, જેનાથી રૂા.૮૫.૭૫ લાખનું આવક પ્રાપ્ત થઈ.

નવા ગ્રાહકો અને આવક:

- સાણોસરા પરથી નાગદા અને ગઢવા રોડ ખાનગી સાઈડિંગ માટે ઔદ્યોગિક મીઠાના ચાર રેક લોડ કરવામાં આવ્યા, જેના દ્વારા ૨.૩૪ કરોડનું આવક પ્રાપ્ત થઈ.
- કાંડલા પોર્ટ અને કાંડલા પોર્ટ ડોક રેલ ટર્મિનલથી એનપીકે ખાતરના બાર રેકમાંમાંથી છ-છ રેક લોડ કરવામાં આવ્યા, જેના પરિણામે ૫.૩૦ કરોડ ની આવક થઈ.
- સનોસરા પરથી બે બેન્ટોનાઈટના રેક BOST વેગનમાં રંગાળી (પૂર્વ તટીય રેલવે) તેમજ કરિગનુરુ (દક્ષિણ પશ્ચિમ રેલવે)ની પ્રાઈવેટ સાઈડિંગ માટે લોડ કરવામાં આવ્યા, જેના પરથી રૂા.૧.૩૦ કરોડનું આવક પ્રાપ્ત થઈ.

ટિકિટ ચેકીંગ આવક

- અમદાવાદ સ્ટેશને ત્રણ ફોર્ટ્રેસ ચેકિંગ યોજાઈ હતી, જેમાં ૩૧ ટિકિટ ચેકિંગ સ્ટાફ સામેલ હતા. આ તપાસોમાં ૬૫૭ બિનમાન્ય મુસાફરોના કેસો મળી આવ્યા હતા અને તેમની પાસેથી રૂા.૪.૪૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.
- અમદાવાદ, મહેસાણા, ગાંધીધામ, પાલનપુર, સાબરમતી, મણિનગર અને વિરમગામ ખાતે આઠ વિશેષ ફોર્ટ્રેસ ચેકિંગ યોજાઈ હતી, જેમાં ૨૦૧૫ બિનમાન્ય મુસાફરોના કેસ ઝડપી લેવામાં આવ્યા અને તેમની પાસેથી રૂ.૧૪.૪૯ લાખનો દંડ વસૂલવામાં આવ્યો.
- નવેમ્બર ૨૦૨૫માં ટિકિટ ચેકિંગ દ્વારા રૂા.૨.૪૩ કરોડનું આવક પ્રાપ્ત થઈ, જે ૦.૩૩ લાખ કેસ પર આધારિત છે. આ રૂા.૨.૩૫ કરોડના લક્ષ્યાંકથી ૩.૪૦% વધારે છે.
- રેલવે પરિસરોને ગંદા કરનારા મુસાફરો સામે અભિયાન ચાલુ રાખતાં, ધારા ૧૯૮ અંતર્ગત ૩૪૯ કેસોમાં એન્ટી-લિટરિંગ અને એન્ટી-થૂંકવા માટેનો દંડ વસૂલ કરવામાં આવ્યો, જેની રકમ રૂા.૦.૬૮ લાખ છે.

વ્યાપાર આઉટરીચ અને બિન-ભાડા આવક (NFR)"

લોજિસ્ટિક્સને પ્રોત્સાહન: મંડળ રેલ પ્રબંધક (DRM) એ ૨૭.૧૧.૨૦૨૫ના રોજ કચ્છ વિસ્તારમાં રેલ લોજિસ્ટિક્સને વિકસિત કરવા અને માલવહનની અવરજવર મજબૂત કરવા માટે ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે બેઠક યોજી. જેનો લક્ષ્ય ૫૦ મેટ્રિક ટન યાતાયાત પ્રાપ્ત કરવાનો છે.

બિન-ભાડા આવક (NFR): નોન-ડિજિટલ જાહેરાત બોર્ડ અને હોર્ડિંગ્સ માટે ઈ-હરાજી દ્વારા રૂા.૨.૧૦ કરોડની સંપતિ ફાળવવામાં આવી. મહેસાણા રેલવે સ્ટેશન પર પાર્કિંગ સ્થળની ૦૩ વર્ષની અવધિ માટે ઈ-હરાજી રૂા.૦.૩૧ કરોડના કરાર મૂલ્યે ફાળવવામાં આવી.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### સરદાર@૧૫૦ રાષ્ટ્રીય એકતા પદયાત્રા અંતર્ગત સાધલી ખાતે યોજાયેલી સરદાર ગાથામાં રક્ષા મંત્રી સહભાગી બન્યા રક્ષામંત્રીશ્રી

# વડાપ્રધાનશ્રીએ સરદાર પટેલને ઈતિહાસના પાનામાં ચમકતા સિતારા તરીકે પુનઃસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે - રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ

### વડાપ્રધાનશ્રી મોદી ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે સાંસ્કૃતિક, સામાજિક, આધ્યાત્મિક અને આર્થિક એકતાના સૂત્રમાં બાંધવાનું કામ કરી રહ્યા છે

સરદાર@૧૫૦ રાષ્ટ્રીય એકતા પદયાત્રા અંતર્ગત સાધલી ખાતે યોજાયેલી સરદાર ગાથામાં સંબોધન કરતા રક્ષા મંત્રી શ્રી રાજનાથસિંહે જણાવ્યું કે, એક રાજકીય વર્ગ ઈચ્છતો હતો કે સરદાર વલ્લભભાઈ પટેલ ઈતિહાસના પાનામાં ખોવાઈ જાય. પરંતુ, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને ઈતિહાસના પાનામાં ચમકતા સિતારા તરીકે પુનઃસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. સરદાર પટેલે ભારતને આઝાદ કરાવવામાં અને તેની એકતા-અખંડિતતા સુરક્ષિત રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આઝાદ ભારતમાં રાજકીય ક્ષેત્રે કામ કરનારા નેતાઓ પ્રત્યે અવિશ્વાસનું સંકટ પેદા થયું હતું, જ્યાં લોકો કહેતા હતા કે નેતા બોલે છે કંઈક અને કરે છે કંઈક!




ઉક્ત સંદર્ભમાં રક્ષા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, કહેવું અને કરવું (કથની અને કરની) વચ્ચે અંતર ન હોવું જોઈએ. આ પ્રેરણા વર્તમાન સરકારે સરદાર વલ્લભભાઈ પટેલ પાસેથી લીધી છે. ભારતના રાજકારણમાં કામ કરનારા લોકોએ કથની અને કરનીમાં અંતર પેદા કરીને નેતાઓ પ્રત્યે અવિશ્વાસનું સંકટ ઊભું કર્યું હતું. જેને વડાપ્રધાન શ્રી મોદીના નેતૃત્વમાં અમારી સરકારે વિશ્વાસના રૂપમાં સ્વીકાર્યું અને દૂર કર્યું છે. અમે જે કહીએ છીએ તે કરીએ છીએ, અને જે અમે કરી શકતા નથી, તે અમે બોલતા નથી. સરદાર પટેલે ફક્ત સરકાર બનાવવાની રાજનીતિ નહોતી કરી, પણ ભારત દેશના નિર્માણ માટે રાજનીતિ કરી હતી.

તેમણે કહ્યું કે, સરદાર પટેલે ભારતને એકતાના સૂત્રમાં પરોવવામાં જે ભૂમિકા ભજવી છે, તે અસાધારણ હતી. જે સમસ્યાઓના સમાધાનની જવાબદારી તેમને નહોતી અપાઈ, તેને ઉકેલવામાં દાયકાઓ લાગ્યા. જ્યારે, સરદાર પટેલે પોતાની જવાબદારીનું બખૂબી નિભાવી હતી. જેના પરિણામે આજે ભારત એક અને અખંડ છે. તેમણે શાંતિની કૂટનીતિ અને શિવાજીના શૌર્ય અને પરાક્રમનો સમન્વય તેમના નેતૃત્વમાં દર્શાવ્યો હતો. તેમણે દેશના દેશી રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ કરાવ્યું હતું. ગાંધીજીએ જે વિચાર્યું, તેને સરદાર પટેલે અમલમાં મૂક્યું હતું.

રક્ષા મંત્રીશ્રીએ જણાવ્યું કે સરદાર વલ્લભભાઈ પટેલે પોતે એકવાર કહ્યું હતું કે, હું નેતા નથી, હું સૈનિક છું. તેમનું આખું જીવન એક સૈનિકની જેમ વીત્યું હતું. જેમણે શિસ્તબદ્ધ રહીને પોતાના કર્તવ્યોનું પાલન કર્યું હતું. તેમણે હંમેશા દેશને સર્વપ્રથમ રાખવાનું કામ કર્યું હતું. બ્રિટિશ સરકાર દ્વારા કર વધારવાના વિરોધમાં તેમણે સક્રિય આંદોલન ચલાવ્યું હતું. આ આંદોલન બાદ જ બારડોલીની મહિલાઓએ તેમને 'સરદાર'નું બિરુદ આપ્યું હતું. તેઓ ખેડૂતો પ્રત્યે પણ સંવેદનશીલ હતા અને માનતા હતા કે જ્યાં સુધી દેશનો ખેડૂત ખુશહાલ નહીં હોય, ત્યાં સુધી ભારત ખુશહાલ નહીં થઈ શકે.

વર્ષ ૧૯૩૧માં કોંગ્રેસના લાહોર અધિવેશનની અધ્યક્ષતા સરદાર પટેલે કરી હતી આ અધિવેશનમાં જ 'પૂર્ણ સ્વરાજ'ની વ્યાખ્યા સ્પષ્ટ કરવામાં આવી હતી. આર્થિક કાર્યક્રમોના પ્રસ્તાવ સાથે મૌલિક અધિકારો અને *ફરજિયાત પ્રાથમિક શિક્ષણ સંબંધિત પ્રસ્તાવો પણ આ અધિવેશનમાં પારિત કરવામાં આવ્યા હતા. સરદાર પટેલની વિરાસત માત્ર એકતા અને અખંડિતતાની જ નહીં, પરંતુ મજબૂત સિવિલ સર્વિસ (પ્રશાસન) અને જાહેર જીવનમાં પ્રામાણિકતાની પણ છે.

સરદાર પટેલમાં કૌટિલ્યની કૂટનીતિ અને શિવાજીનું પરાક્રમ જોવા મળતું હતું, જેનું પરિણામ હૈદરાબાદના વિલયમાં જોવા મળ્યું હતું. જો કાશ્મીરના વિલય સમયે સરદાર પટેલની તમામ વાતો માનવામાં આવી હોત, તો ભારતે લાંબા સમય સુધી આ સમસ્યાનો સામનો ન કરવો પડ્યો હતો. આજે વડાપ્રધાન શ્રી મોદીના નેતૃત્વમાં સરકારે આ જ મૂલ્યોને આદર્શ બનાવ્યા છે, અને શાંતિ ન સમજતા લોકોને યોગ્ય જવાબ આપવાની ક્ષમતા ભારત રાખે છે. કલમ ૩૭૦ નાબૂદ કરીને કાશ્મીરને ભારતના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનું કામ સરળ નહોતું, પરંતુ તે શ્રી મોદી દ્વારા કરવામાં આવ્યું છે. આજે ભારત વિશ્વ સાથે તેની શરતો પર વાત કરે છે.

વડાપ્રધાન શ્રી મોદી ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવા માટે સાંસ્કૃતિક, સામાજિક, આધ્યાત્મિક અને આર્થિક એકતાના સૂત્રમાં બાંધવાનું કામ કરી રહ્યા છે, જેને દુનિયાની કોઈ તાકાત રોકી નહીં શકે

સરદાર પટેલ તુષ્ટિકરણમાં વિશ્વાસ નહોતા કરતા. તેમણે સરકારી પૈસાનો ઉપયોગ બાબરી મસ્જિદ બનાવવા માટે રોક્યો હતો અને સોમનાથ મંદિરના પુનર્નિર્માણને સમર્થન આપ્યું હતું. આજે અયોધ્યામાં રામ મંદિર પણ સરકારના ખજાનામાંથી નહીં, પરંતુ દેશની જનતાના ખર્ચે બની રહ્યું છે. સરદાર પટેલની આ વિરાસતને જાળવી રાખવાની જવાબદારી દેશની આવનારી પેઢીને સોંપવામાં આવી છે. મંત્રીશ્રીએ અંતમાં કહ્યું કે આપણે ભારતના સંસ્કારોને પૂરી નિષ્ઠા અને પવિત્રતા સાથે જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરવો જોઈએ.

આ વેળાએ રાજ્યપાલ શ્રી ગુલાબચંદ કટારિયા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી પુષ્કરસિંહ ધામી, કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયા, રાજ્યના કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ વેળાએ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી શોભા કરંદલાજે, મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, રાજ્ય મંત્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા, શ્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા અને ડો. હેમાંગ જોશી, પ્રમુખ શ્રી રસિકભાઈ પ્રજાપતિ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

- દર્શન

### સ્યૂસાઈડ નોટમાં ૬ શખ્સના નામ લખ્યા

# અમદાવાદમાં માનસિક ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાધો

### દારૂ પીધો હોવાની ફરિયાદમાં પાન પાર્લરનું નામ આવ્યા બાદ આરોપીઓએ તેને ડરાવીને અને માનસિક ટોર્ચર કરીને આ અંતિમ પગલું ભરવા મજબૂર કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના વાસણા વિસ્તારમાં ગુજ્જુભાઈ પાન પેલેસના સંચાલકે માનસિક ત્રાસ અને બદનામીના ષડયંત્રથી કંટાળીને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ છે. મૃતકના મોટા ભાઈએ આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવાના આરોપસર કુલ છ આરોપીઓ વિરુદ્ધ વાસણા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. સ્યૂસાઈડ નોટમાં મૃતકે સ્પષ્ટ જણાવ્યું છે કે ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ દુકાનમાં કેટલાક શખ્સોએ દારૂ પીધો હોવાની ફરિયાદમાં પાન પાર્લરનું નામ આવ્યા બાદ આરોપીઓએ તેને ડરાવીને અને માનસિક ટોર્ચર કરીને આ અંતિમ પગલું ભરવા મજબૂર કર્યો હતો. આ ઘટનાક્રમની શરૂઆત ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ થઈ હતી, જ્યારે દુકાનના ગ્રાહકોનો કુણાલભાઈના સગા સાથે ઝઘડો થયો હતો. ત્યારબાદ ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ કેટલાક આરોપીઓ વિરુદ્ધ દારૂ પીવા અંગેનો ગુનો નોંધાતા તેમાં 'ગુજ્જુભાઈ પાન પેલેસ'નું નામ પણ ખોટી રીતે જોડી દેવાયું. ત્યારબાદ છ આરોપીઓ નિયમિત દુકાને આવીને અંકિત સાથે બોલાચાલી કરતા હતા. જ્યારે અંકિતે દારૂના કેસમાં દુકાનનું નામ ન સંડોવવા વિનંતી કરી ત્યારે આરોપી નીલ ઠાકરે ઝઘડાનો વિડિયો બતાવીને તેને ડરાવ્યો હતો. અંકિતે પોતાના સ્યૂસાઈડ મેસેજમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે આ શખ્સો દુકાન બંધ કરાવવા, પોલીસમાં ખોટી રીતે ફસાવવા અને પિતાની બદનામી કરવાના ઈરાદે માનસિક ત્રાસ આપી રહ્યા હતા. આ અસહ્ય ત્રાસથી કંટાળીને અંકિતે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. અંતિમ સંસ્કાર થયા બાદ મૃતકના મોટા ભાઈ કુણાલભાઈએ છ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

અંકિતે પોતાની સ્યૂસાઈડ નોટમાં રાજ્ય સરકાર અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને સંબોધીને આ કેસમાં ઉચ્ચસ્તરીય તપાસ કરવાની અને કોઈ ધારાસભ્યના દબાણ હેઠળ કેસને દબાવી ન દેવાની ભાવનાત્મક વિનંતી કરી હતી. હાલમાં પોલીસે આત્મહત્યાના દુષ્પ્રેરણાનો કેસ દાખલ કરીને સ્યૂસાઈડ મેસેજના સ્ક્રીનશૉટ્સ સહિતના પુરાવાઓના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# વિશ્વ એડ્સ દિવસ નિમિત્તે ભાવનગર રેલવે મંડળમાં વ્યાપક જનજાગૃતિ અભિયાનનું આયોજન





વિશ્વ એડ્સ દિવસ (World AIDS Day)ના અવસરે તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ભાવનગર રેલવે મંડળની તમામ હેલ્થ યુનિટ્સ તેમજ ડિવિઝનલ રેલવે હોસ્પિટલ, ભાવનગર પરા ખાતે HIV/AIDS વિશે જાગૃતિ વધારવા માટે મુખ્ય ચિકિત્સા અધીક્ષક શ્રી સુબોધ કુમારના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોનો મુખ્ય હેતુ કર્મચારીઓ તથા તેમના પરિવારજનોમાં એડ્સ સંબંધિત ગેરમાન્યતાઓ દૂર કરવી, પ્રતિરોધક માહિતી પહોંચાડવી અને સ્વસ્થ તથા સુરક્ષિત વર્તનને પ્રોત્સાહિત કરવાનો હતો.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે DRH BVP ખાતે વિશ્વ એડ્સ દિવસ નિમિત્તે એક વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન મેડિકલ સ્ટાફ દ્વારા નાટિકાનું પ્રસ્તુતિ કરાયું, જેમાં HIV/AIDSના કારણો, ફેલાવા, બચાવ તેમજ સમાજમાં પ્રચલિત ગેરમાન્યતાઓને સરળ, શૈક્ષણિક અને રસપ્રદ રીતે રજૂ કરવામાં આવ્યા. હાજર કર્મચારીઓ, દર્દીઓ તથા તેમના સગાસ્નેહીઓએ આ નાટિકાને અત્યંત સરાહના આપી અને જાગૃતિના સંદેશને આત્મસાત કર્યા. આ ઉપરાંત હોસ્પિટલ પરિસરમાં એચઆઈવી/એડ્સ અંગે હેલ્થ ટોક, પોસ્ટર તથા બેનર પ્રદર્શન, રેડ રિબન વિતરણ અને IEC જાગૃતિ સાહિત્યના વિતરણ જેવી પ્રવૃત્તિઓ પણ યોજાઈ હતી.

ભાવનગર ડિવિઝનની ધોળા, જુનાગઢ, જેતલસર, મહુવા, પોરબંદર, ગોંડલ, બોટાદ, ધોળકા, વેરાવળ સહિત તમામ હેલ્થ યુનિટ્સમાં પણ વિશ્વ એડ્સ દિવસે ઉત્સાહભેર જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. વિવિધ યુનિટ્સમાં પેમ્ફલેટ વિતરણ દ્વારા મોટી સંખ્યામાં કર્મચારીઓએ HIV/AIDS સંબંધિત મહત્વપૂર્ણ માહિતી મેળવી. કેટલાક હેલ્થ યુનિટ્સ જેમકે ધોળા, જેતલસર અને જૂનાગઢે કોલોની પરિસરમાં પોસ્ટર પ્રદર્શન તથા જાગૃતિ સંદેશો દ્વારા અભિયાનને વધુ અસરકારક બનાવ્યું હતું.

ભાવનગર મંડળ પોતાના કર્મચારીઓ અને તેમના પરિવારોના સ્વાસ્થ્ય સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. આ જ દિશામાં વિશ્વ એડ્સ દિવસે યોજાયેલું આ વ્યાપક જનજાગૃતિ અભિયાન રેલવે સમુદાયમાં સ્વાસ્થ્યપ્રત્યેની સકારાત્મક ચેતના અને જવાબદાર વર્તનની દિશામાં એક મહત્વપૂર્ણ પ્રયાસ છે.

# શેરબજારમાં તગડો નફાની લાલચમાં વેપારીએ ૨.૮૮ લાખ ગુમાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

લોભિયા હોય ત્યાં ધૂતારા ભુખે ના મરે તે કહેવતને સાહિત કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં નિકોલમાં શેરબજારમાં તગડો નફો કમાવવાની લાલચમાં વેપારીએ રૂા. ૨.૮૮ લાખ ગુમાવ્યા હતા. જેમાં સાયરબર ગઠિયાએ ફેસબુકમાં એપ્લીકેશનની લિંક મોકલી ડાઉનલોડ કરાવી પતિ-પત્નીનું બેન્ક ખાતું ખાલી કરી દીધું હતું.

નિકોલ પોલીસે અજાણી વ્યકિત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ફેસબુક જોતા રોકાણનો મેસેજ આવતા લિંક પર ક્લિક કર્યુ અને પતિ પત્નીનું ખાતુ ખાલી : નિકોલ પોલીસ ગુનો નોંધી તપાસ શરુ કરીનિકોલમાં રહેતા વેપારીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં અજાણી ત્રણ વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે કે પંદર દિવસ પહેલા વેપારી ફેસબુકમાં કેપિટલ બજારનો ઈન્વેસ્ટમેન્ટનો મેસેજ જોયા બાદ આપેલી લિંક ઉપર ક્લિક કરતા અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને ટ્રેડિંગ કરવા અંગેની વાત કરી હતી. શેરબજારમાં રોકાણ કરીને સારો નફો કમાવવાની લાલચ આપીને લિંક મોકલીને કેપીટલ બજાર નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવીને આઈડી બનાવી આપ્યા બાદ વેપારી અને તેમની પત્નીના બેન્ક એકાઉન્ટમાંથી ધડાધડ કુલ રૂા. ૨.૮૮ કાઢી લીધા બાદ વેપારીએ ફોન કરતા બંધ હતો અને રૂપિયા વિડ્રો પણ થતા ન હતા.

### અરીઝ ખંભાતા ટ્રસ્ટ સહિત પારસી સમાજના મહાનુભાવોના સામાજિક યોગદાનને મુખ્યમંત્રીશ્રીએ બિરદાવ્યું

# સેવા, સમર્પણ અને સખાવત થકી રાષ્ટ્રનિર્માણમાં મહામૂલું યોગદાન આપતો પારસી સમુદાય

### અમદાવાદમાં પારસી ધર્મગુરુઓના ભવ્ય સન્માન સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા

અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પારસી ધર્મગુરુઓનો ગૌરવપૂર્ણ સન્માન સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે પારસી ધર્મગુરુઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રનિર્માણમાં પારસીઓનું મહામૂલું યોગદાન રહ્યું છે અને સખાવતનું બીજું નામ પારસી છે. મુખ્યમંત્રીશ્રીએ પારસી સમાજની સેવા અને સમર્પણની ભાવનાની સરાહના કરી હતી.



આ સન્માન સમારંભનું આયોજન અરીઝ ખંભાતા બનેવોલન્ટ ટ્રસ્ટ (AKBT) દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી પીરુઝ ખંભાતાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરે છે. AKBT આરોગ્ય, શિક્ષણ અને સમાજ કલ્યાણના ક્ષેત્રોમાં વંચિત સમુદાયના ઉત્થાન માટે સમર્પિત છે અને HIV ગ્રસ્ત લોકોના કલ્યાણ માટે પણ નોંધપાત્ર કાર્ય કરે છે. આ પ્રસંગે ટ્રસ્ટે પારસી સમાજમાં ધાર્મિક શિક્ષણમાં આગળ વધતા યુવાનો માટે નવી શિષ્યવૃત્તિની જાહેરાત પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે પારસી સમાજના દિગ્ગજો જેવા કે મેડમ ભિખાઈજી કામા, હોમી ભાભા, તાતા, વાડિયા, ગોદરેજ પરિવારો, ફિલ્ડ માર્શલ સામ માણેકશા વગેરેના રાષ્ટ્ર નિર્માણના યોગદાનને યાદ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે પારસી સમાજના પૂર્વજોએ ભારતમાં આવીને ભગવદ્ ગીતાનો 'સ્વધર્મ'નો સંદેશ આત્મસાત્ કર્યો છે અને તેઓ ગુજરાતના સામાજિક જીવનમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે.

બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત સન્માન સમારંભ ઉપરાંત અન્ય વિવિધ આકર્ષણોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. નવી પેઢી તેમની પરંપરા અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃત થાય તે હેતુથી નાટક, મ્યુઝિક અને કોમેડી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ સમારોહમાં દેશભરમાંથી પારસી સમાજના અગ્રણીઓ, વડા દસ્તુરજીઓ અને સામાજિક સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં એસઆઈઆર ની કામગીરી: ૪૧ લાખ થી વધુ મતદારોના નામ બાકાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં મતદાર યાદી સુધારણામાં જબરદસ્ત વાત બહાર આવી છે, આ મતદાર યાદી સુધારણામાં અત્યાર સુધીમાં ૪૧ લાખ મતદારોના નામ કમી કરવામાં આવ્યા છે. તેમાં ૨૦ લાખ મતદારોના નામ કાયમ માટે સ્થળાંતર થતા દુર કરાયા હતા, લગભગ ૧૫ લાખ મતદારોના નામ મૃત્યુ પામેલા હોવાના કારણે દુર કરાયા તો સાડા ત્રણ લાખ મતદારોના નામ સરનામા પર સતત ગેરહાજર રહેવાના કારણે દુર કરાયા હતા તો અઢી લાખ મતદારોના નામ રીપીટેડ હોવાથી દુર કરાયા હતા. આ બતાવે છે કે ગુજરાતમાં એક સમયે ૬૦ લાખ મતદારોના નામ બહાર નિકળશે તેવુ કહેવાતુ હતુ, આંકડો ૬૦ લાખ ઉપર નિકળી જાય તો નવાઈ નહી.



હજુ તો કામગીરી ચાલુ છે અને ૧૧ ડીસેમ્બર સુધી ચાલવાની છે. તે જોતા ૬૦ લાખ નામ કમી થાય તો આશ્ચર્ય નહી થાય, ગુજરાતમાં મતદાર યાદી સુધારણાની કામગીરી વેગ પકડી રહી છે અને રાજ્યમાં ગઈ વિધાનસભા અને લોકસભા ચુંટણીમાં મતદાન કરનારા ૫ કરોડથી વધુ મતદારોના ગણતરી ફોર્મનુ વિતરણનુ કામ પુરૂ થઈ ગયુ છે, હવે ગણતરી ફોર્મના ડીજીટાઈઝેશન ની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ગુજરાતમાં ગણતરીની કામગીરીમાં ડાંગ જિલ્લો ડીજીટાઈઝેશનમાં ૯૨.૩૯ ટકા સાથે મોખરે છે. ગણતરીનો આગામી તબકકો ૧૧ ડીસેમ્બર સુધી ચાલશે.

રાજયમાં આ મતદાર યાદી સુધારણામાં ઉડીને આંખે વળગે તેવી વાત એવી બહાર આવી છે કે લગભગ ૧૪.૯૬ લાખ એટલે કે ૧૫ લાખ મૃત્યુ પામેલા મતદારો આ યાદીમાં સામેલ હતા. હજુ સુધી આ મતદારોને હટાવાયા ન હતા અને મતદાર યાદી સુધારણા થઈ ન હોત તો હજુ પણ આ મૃતકોના નામ યાદીમાં બોલતા હોત, આમ લગભગ ૧૫ લાખ મૃતક મતદારોના નામ યાદીમાંથી દુર કરવામાં આવ્યા છે. એટલુ જ નહી ૨૦ લાખ થી પણ વધુ મતદારો કાયમ માટે સ્થળાંતર પામ્યા હોવાનુ કહેવાય છે. એટલે આટલા નામ પણ બહાર થઈ ગયા.

આ બતાવે છે કે આટલા મતદારો રાજયમાં હોવા ન છતાં પણ તે યાદીમાંથી બહાર થઈ ગયા હતા. તેની સાથે લગભગ અઢી લાખ મતદારો રીપીટેડ હતા તેના કારણે તેમને યાદીમાંથી દુર કરાયા હતા. તેના કારણે તેમને યાદીમાંથી કાયમી દુર કરાયા છે અને એક જ સ્થળે નામ રાખવાની ફરજ પાડવામાં આવી હતી. આ સિવાય લગભગ ૩.૫૦ લાખ મતદારો તેમના સરનામે વારંવાર ગેરહાજર જોવા મળ્યા હતા. તેની નોંધ બીએલઓ કરી હતી. બીએલઓના જણાવ્યા મુજબ ચુંટણીપંચે તો ૩ જ વખત જણાવ્યુ હોવા છતાં પણ વાતની ગંભીરતા પારખીને તેઓએ મતદાર ના ઘરની ૫-૫ વખત મુલાકાત લીધી હતી. છતાં પણ તેઓ ગેરહાજર જોવા મળ્યા હતા.

# ભાજપના અનુસુચિત જાતિ મોરચાએ મેવાણી ને માફી માંગવાની આપી ચીમકી : ડાહી દિકરી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે તેવો ભાજપ અનુસુચિત જાતિનો ઘાટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ અનુસુચિત જાતિ પોતાના જાતિના લોકોને આગળ લાવવાને બદલે હવે ભાજપના સમર્થનમાં આવી પ્રમુખ કોંગ્રેસ દ્વારા વાણી વિલાસ મુદ્દે જિગ્નેશ મેવાણીને આડે હાથ લીધા છે, ગૌતમ ગેડીયાએ સૌ પહેલા તો અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ સહાયની લોનમાં વધારો કરવાને બદલે હવે ભાજપને પડખે રહી કોરાણે મુકાયેલ ભાજપ એસસી મોરચો હવે જાગ્યો છે.




ગૌતમ ગેડીયાએ ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ વડાપ્રધાન મોદી માટે કરેલા વાણી વિલાસને સંસ્કારહીન ભાષા ગણાવી છે. મેવાણીનુ નિવેદન એ બક્ષીપંચ સમાજનુ અપમાન કહ્યુ છે. કોંગ્રેસના નેતાઓના વાણી વિલાસ પર પ્રદેશ ભાજપના અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ગૌતમ ગેડીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજી પ્રહાર કર્યા હતા. ગૌતમ ગેડીયાએ કહ્યુ હતુ કે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા વાણી વિલાસ કરવામાં આવી રહ્યો છે. જિગ્નેશ મેવાણી દ્વારા પ્રધાનમંત્રી માટે જે વાણી વિલાસ કરાયો છે તે ગુજરાતના સંસ્કારની ભાષા ન હોઈ શકે, આ નિવેદનને અમે વખોડીએ છીએ, તેમણે જિગ્નેશ મેવાણી પર આક્ષેપ કરતા કહ્યુ હતુ કે જિગ્નેશ મેવાણીનુ નિવેદન એ બક્ષીપંચ સમાજનુ અપમાન છે. તે સમગ્ર ઉત્તર ગુજરાતનુ અપમાન છે, વેર ઝેરના શબ્દોથી નફરતની રાજનીતી જિગ્નેશ મેવાણીએ શરૂ કરી છે. સમગ્ર ગુજરાત અને માતાનુ અપમાન કરવામાં આવ્યુ છે.

આમ જિગ્નેશ મેવાણીએ માફી માંગવાની ભાજપના અનુસુચિત જાતિ મોરચના પ્રમુખે માંગણી કરી છે, તેમણે કહ્યુ કે જયાં સુધી જિગ્નેશ મેવાણી માફી નહી માંગે ત્યાં સુધી અનુસુચિત જાતિ મોરચો વિવિધ કાર્યક્રમો આપશે, જિગ્નેશ મેવાણી માત્ર સોશીયલ મીડીયામાં રહેવા નાટક કરે છે, દારૂની વાત કરી તે યોગ્ય ફોરમ પર વાત કરવી જોઈએ, વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવવો જોઈએ, આવા ફોરમમાં વાત ઉઠાવવી જોઈએ, પરંતુ જિગ્નેશ મેવાણી માત્ર તાયફાની રાજનીતી કરે છે. પ્રધાનમંત્રીના માતા માટે નિમ્ન કક્ષાની ભાષા વાપરી છે,

ભાજપના એસસી મોરચાએ જિગ્નેશ મેવાણીને માફી માંગવા કરેલ અનુરોધ અંગે કોંગ્રેસની પ્રતિક્રિયા આવી છે. કોંગ્રેસ પ્રવકતા હિરેન બેંન્કરનુ ભાજપ એસસી મોરચાની જાહેરાત અંગે કહ્યુ કે કોરાણે મુકાયેલ ભાજપ એસસી મોરચો આજે જાગ્યો આ સારી બાબત છે, દલીત પર અત્યાચાર થયા ત્યારે ભાજપ એસસી મોરચો કેમ ચુપ હતો ? ગુજરાતમાં દારૂનો મુદ્દો ઉઠતા ગૃહ વિભાગના પેટમાં તેલ રેડાયુ છે, નિષ્ફળ અને નિષ્ક્રિય મોરચાને હવે બ્રહ્મ જ્ઞાન કેમ આવ્યુ ? ભાજપ સાંસદ મનસુખ વસાવા અને દલિત અને આદિવાસી સમાજના નેતાઓને અપમાનિત કરે ત્યારે મોરચો કેમ ચુપ રહ્યો ? જિગ્નેશ મેવાણી ગુજરાતની જનતાના નેતા છે, બુટલેગરોના પૈસાથી ચલાતી ભાજપ સરકાર છે. ગુજરાતના દારૂના પ્રવેશ દ્વાર સાથે નશાખોરીનુ એપી સેન્ટર બન્યુ છે. ધર્મ અને જ્ઞાતિના નામે મુદ્દાઓ ભટકાવવાના હથકંડાઓ હવે નહી ચાલે, ભાજપ ના અનુસુચિત જાતિ નેતાના પ્રમુખને મારે પુછવુ છે કે અનુસુચિત જાતિના અને બક્ષીપંચના વિદ્યાર્થીઓની મેડીકલ ફી માં વધારો કર્યો છે, તો તેની સામે અનુસુચિત જાતિના અને બક્ષીપંચના વિદ્યાર્થીઓના લોન સહાય આપવાનુ કેમ વધાર્યુ નથી તેનો અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ ગૌતમ ગેડીયાએ જવાબ આપવો જોઈએ.

### ગુજરાત પોલીસને વિવિધ બેંકોની સહાયથી ૧૦૦ ટકા રાશી ફ્રીઝ કરવામાં સફળતા મળી

# એસએલબીસીની બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ સાયબર ફ્રોડના કેસમાં બેંકોની ઢીલી નીતી સામે નારાજગી વ્યકત કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતા હેઠળ એસ એલ બી સી (સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીની ૧૮૭ મી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાણાંકીય વર્ષ ૨૦૨૫ ના બીજા કવાર્ટરમાં શ્રેષ્ઠત્તમ કામગીરી કરનારા રાજયના ૩ લીડ ડીસ્ટ્રીકટ મેનેજરોનુ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું.




આ તબકકે હર્ષ સંઘવીએ સાયબર ફ્રોડ ના કેસમાં બેંકોની ઢીલી નીતી સામે નારાજગી વ્યકત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે બેંક એકાઉન્ટ ફ્રીઝ થવામાં મોડુ થાય છે પોલીસ તરફથી માહિતી અપાયા બાદ પણ મોડુ થાય છે, તેમણે એવુ પણ કહ્યુ કે દરેક બેંકમાં નોડલ અધિકારી નિમવા જોઈએ જેથી સાયબર ફ્રોડનો કોલ મળતા સત્વરે એકાઉન્ટ ફ્રીઝ થાય, આ બેઠકમાં તેમણે એક કો ઓડીનેશન કમિટી બનાવવા પણ આદેશ કર્યો હતો. સંઘવીએ બેઠકમાં સંબોધન કરતા જણાવ્યુ હતુ કે એક સમય હતો જયારે દેશમાં બેંકીંગ સેવાઓ માત્ર ધનિક અને શહેરી વર્ગ પુરતી જ સીમીત હતી, આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગવા વિઝનથી અમલમાં આવેલી પ્રધાનમંત્રી જન ધન યોજના થી ભારતના બેંકીંગ ક્ષેત્રમાં અભુતપૂર્વ ક્રાંતિ આવી છે. દેશમાં બેંકીગ ઈન્ફ્રાસ્ટ્રકચરના વિસ્તરણમાં આજે ગુજરાતે લીડ લીધી છે, આજે રાજયનુ બેંકીગ નેટવર્ક ૧૧ હજાર શાખાઓ સુધી પહોચ્યુ છે જેમાંથી ૫૬ ટકા થી વધુ શાખાઓ ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત છે. આ વિશાળ બેંકીંગ નેટવર્કના માધ્યમથી ગુજરાતમાં પોણા બે કરોડથી વધુ જનધન બેંક ખાતા ખુલ્યા છે જે સાબિત કરે છે કે રાજયનો ગરીબ માં ગરીબ વ્યકિત પણ આજે સુદ્રઢ બેંકીંગ સેવાનો લાભ મેળવી રહ્યો છે. હર્ષ સંઘવીએ સાયબર ક્રાઈમને હાલના સમયનો સૌથી મોટો પડકાર ગણાવતા કહ્યુ હતુ કે સરકાર અને બેંકીંગ ક્ષેત્ર સાથે મળીને સાયબર ગુન્હાઓને અટકાવવાની દિશામાં પરીણામલક્ષી કામગીરી કરી શકે છે. તેમણે ઉદાહરણ આપતા કહ્યુ હતુ કે રાજયના ૧૯૩૦ હેલ્પલાઈન પર ગઈ કાલે નોંધાયેલા તમામ સાયબર ગુન્હાઓમાં ગુજરાત પોલીસને વિવિધ બેંકોની સહાયથી ૧૦૦ ટકા રાશી ફ્રીઝ કરવામાં સફળતા મળી હતી. તેમણે ગુજરાત પોલીસના પ્રો એકટીવ પ્રયાસોમાં બેંકોનો પણ સાથ સહકાર મળે તો દરેક સાયબર ક્રાઈમની ૧૦૦ ટકા રાશી બ્લોક કરીને ગુન્હાઓમાં ઘટાડો લાવવામાં સફળતા મળશે. ૧૯૩૦ પર નોંધાતા સાયબર ગુન્હાઓ માટે ગૃહ વિભાગ, ગુજરાત પોલીસ અને વિવિધ બેંકોના નોડલ અધિકારીની એક સંયુકત સમિતી બનાવવા માટે પણ નાયબ મુખ્યમંત્રીએ તાકીદ કરી હતી જેથી સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરીકોની મુડીને સુરક્ષિત કરી શકાય.

## ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનની નિમણુંકમાં હવે કર્મુતા નડશે : કર્મુતા બાદ સંગઠનની તડામાર તૈયારીઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં પ્રદેશ ભાજપ સંગઠનની નિમણુંકમાં હવે કર્મુતા નડે તેમ માનવામાં આવે છે, આમ નવા પક્ષ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની નવી ટીમ વેઈટીંગમાં હોય તેવી સ્થિતિ છે. પ્રદેશ પ્રમુખની નિમણુંક થયા પછી હજુ પણ સંગઠનનુ માળખુ જાહેર થવામાં વિલંબ થઈ રહ્યો છે.




ગુજરાતમાં પ્રદેશ ભાજપને નિમણુંકમાં વિલંબ હવે સંગઠનની નિમણુંકોમાં પણ વાર નહી લાગે. જો કે ગુજરાતમાં પણ પ્રદેશ પ્રમુખની નિમણુંકમાં પણ ખાસ્સો વિલંબ થયો જ હતો હવે સત્તાધારી પક્ષના રાજકીય વર્તુળોમાં તે વાતનો ડર છે કે પક્ષ પ્રમુખની નિમણુંકમાં જેમ વાર લાગી તેમ હવે સંગઠનની નિમણુંકોમાં પણ વાર ન લાગે, હાલમાં તો પક્ષ પ્રમુખ અને રાજયનુ મંત્રી મંડળ પણ વિવિધ પ્રવાસો કરી રહ્યુ હોવાથી નિમણુંકના કામોમાં વિલંબ થઈ રહ્યો છે.

પક્ષમાં ૪ ઝોનના મહામંત્રી નિમવાના બાકી છે, ઉપપ્રમુખ સહિતના પદો માટેના દાવેદારો ઉત્સુક છે, ગુજરાતમાં હાલમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી કમસેકમ ૬ મહિના માટે ટળી ગઈ હોવાથી પક્ષે પણ હવે નિમણુંકોનો મુદ્દો ઠેલવા માંડયો હોવાનુ કહેવાય છે. તેમાં પણ હવે કર્મુતા આવવાના હોવાના કારણે આ નિમણુંકમાં વધુ વિલંબ થઈ શકે છે. આમ હોદ્દા માટે ઉત્સુક દાવેદારોએ હજુ પણ વેઈટીંગમાં રહેવાની ફરજ પડી શકે છે. પક્ષની અંદર તો હોદ્દા માટેના દાવેદારોના નામ પણ ઉછળવાના શરૂ થઈ ગયા હતા અને કેટલાક લોકોએ તો હોદ્દા માટે દાવેદારી નોંધાવવાનો પ્રારંભ પણ કરી દીધો હતો. પણ હવે શિયાળામાં બધુ ઠંડુ પડી જાય તેવુ લાગી રહ્યુ છે.

## હવે દિવ્યાંગોને પણ મળશે સંત સુરદાસ યોજનાનો લાભ : નિયમોમાં થયા ફેરફાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગોના સશકિતકરણ અને કલ્યાણ માટે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં અત્યાર સુધી સંત સુરદાસ યોજનાનો લાભ માત્ર ૮૦ ટકા થી વધુ દિવ્યાંગ ધરાવતા લોકોને જ મળતો હતો. પરંતુ હવે આગામી વર્ષ ૨૦૨૫-૨૬ થી આ મર્યાદા ઘટાડીને ૬૦ ટકા કરવામાં આવી છે. આ નિર્ણયને કારણે વધુ ને વધુ દિવ્યાંગજનો આર્થિક સુરક્ષા કવચ હેઠળ આવી શકશે. આ ઉપરાંત સાધન સહાય અને એસટી બસ પાસ જેવી સુવિધાઓને પણ વધુ સરળ અને વ્યાપક બનાવવામાં આવી છે.



દિવ્યાંગોના જીવનમાં ગુણવત્તાયુકત પરીવર્તન લાવવા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. તાજેતરમાં દિવ્યાંગ કલ્યાણક્ષેત્રે લેવાયેલા નિર્ણયો તેનો પુરાવો છે. સંત સુરદાસ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે દિવ્યાંગતાની ટકાવારી ૮૦ ટકા કે તેથી વધુ હોવી ફરજીયાત હતી. રાજય સરકારે આ નિયમમાં મોટી રાહત આપીને વર્ષ ૨૦૨૫-૨૬ થી ૬૦ ટકા થી વધુ દિવ્યાંગતા ધરાવતા તમામ નાગરીકોને આ યોજનામાં સમાવી લેવાની જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ વર્ષ ૨૦૨૪-૨૫ માં આ યોજનામાંથી બીપીએલ કાર્ડની અનિવાર્યતા અને ૦ થી ૧૭ વર્ષ ની વયમર્યાદા જેવી જોગવાઈઓ દુર કરવામાં આવી હતી. જેથી મહત્તમ લોકો લાભ મેળવી શકે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શારીરિક ક્ષમતા ધરાવતા વ્યકિતઓ માટે વિકલાંગ શબ્દને સ્થાને દિવ્યાંગ શબ્દ પ્રાયોજીને સમાજમાં તેમને એક નવુ આત્મસન્માન બક્ષ્યુ છે. આ માત્ર શબ્દ ફેર નથી પરંતુ દિવ્યાંગો પ્રત્યે સમાજનો દ્રષ્ટીકોણ બદલવાનો એક પ્રયાસ છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬ માં રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડીસેબીલીટી એકટ અમલમાં મુકવામાં આવ્યો જેના થકી દિવ્યાંગોને કાયદાકીય પીઠબળ અને સમાન અધિકારો પ્રાપ્ત થયા છે. ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગો માટે અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. જેમાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ, લગ્ન સહાય, સાધન સહાય, પેન્શન સ્કીમ અને મફત મુસાફરીનો સમાવેશ થાય છે. છેલ્લા પાંચ વરસના આંકડા જોઈએ તો રાજય સરકારે ૪ લાખ થી વધુ લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓ હેઠળ કુલ રૂપીયા ૮૨૦ કરોડથી વધુની આર્થિક સહાય પુરી પાડી છે. આ સહાયનો મુખ્ય ઉદ્દેશ દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવી તેમને સમાજની મુખ્ય ધારામાં લાવવાનો છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દિવ્યાંગોની સુવિધામાં વધારો કરતા કેટલાક મહત્વના સુધારા કરવામાં આવ્યા છે. જેમાં અગાઉ દિવ્યાંગોને વાહન ખરીદવા માટે બીપીએલ કાર્ડ હોવુ જરૂરી હતુ, જે હવે દુર કરવામાં આવ્યુ છે, તે જ રીતે ફકત ઈલેકટ્રીક વાહન જ ખરીદવુ તેવી જોગવાઈ પણ હટાવી લેવામાં આવી છે. જેથી હવે દિવ્યાંગ વ્યકિત પોતાની પસંદગીનુ કોઈપણ ટુ વ્હીલર ખરીદી શકશે, તો બીજી તરફ દિવ્યાંગો માટે એસટી બસમાં વિના મુલ્યે મુસાફરીનો પાસ હવે આજીવન માન્ય રહેશે. રાજયની અંદર તેમજ રાજય બહારના જે તે રૂટના અંતિમ સ્ટેશન સુધી તેઓ મફત મુસાફરી કરી શકશે. તેમજ ગંભીર બિમારીઓ જેવી કે પાર્કિન્સન, થેલેસેમીયા, હિમોફેલીયા કે મસ્કયુલર ડીસ્ટ્રોફી ધરાવતા દિવ્યાંગોની સાથે મુસાફરી કરતા તેમના સહાયક ને પણ ૧૦૦ ટકા ટીકીટ માફીનો લાભ આપવામાં આવ્યો છે. અગાઉ દિવ્યાંગતાનુ પ્રમાણપત્ર મેળવવા કે રીન્યુ કરાવવા માટે વારંવાર હોસ્પીટલના ધકકા ખાવા પડતા હતા. હવે રાજય સરકારે સંવેદનાપૂર્ણ નિર્ણય લઈ દિવ્યાંગતા પ્રમાણપત્રને આજીવન માન્યતા આપી છે. જેથી વારંવાર મેડીકલ ચેકઅપ ની હાડમારીમાંથી મુકિત મળી છે, આ ઉપરાંત ગંભીર શારીરિક વ્યાધી ધરાવતા (૪૦ ટકા થી વધુ દિવ્યાંગતા) લોકોને માસિક રૂપીયા ૧ હજાર ની વિશેષ સહાય પણ ચુકવવામાં આવે છે. આધુનિક સમયની જરૂરીયાત મુજબ મોટોરાઈઝ્ડ ટ્રાઈસીકલ અને જોયસ્ટીક વ્હીલચેર માટે ની નવી યોજનાઓ પણ અમલમાં મુકવામાં આવી છે.

## રાજુલા તાલુકા પંચાયતની ચુંટણી અગાઉ રાજકીય ગરમાવો: ૨૦૦થી વધુ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આગામી સમયમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચુંટણીઓના પડઘમ નજીક આવી રહ્યા છે, ત્યારે રાજુલા તાલુકામાં ફરી એકવાર રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.



રાજુલાના રીંગણયાળા ગામના બધાભાઈ લાખણોત્રા તાલુકા પંચાયત સીટના ઉમેદવાર જેમની સાથે આજે એમના ૨૦૦ કરતા વધુ કાર્યકર્તાઓ સાથે આમ આદમી પાર્ટીનો ખેસ પહેરી વિધીવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. તે પ્રસંગે આમ આદમી પાર્ટી વિધાનસભા ૯૮ ના સહપ્રભારી કિશોરભાઈ ધાખડા તથા રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રમેશભાઈ કાતરીયા તથા મમદભાઈ ગાહા તેમજ આમ આદમી પાર્ટીના કાર્યકરો હાજર રહ્યા હતા અને તમામ લોકોએ આજે બધાભાઈ લાખણોત્રાને આવકાર્યા હતા. ચુંટણીઓ ખુબ જ નજીક આવી છે ત્યારે હવે આ રાજુલા તાલુકામાં તમામ રાજકીય પાર્ટીઓમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

## મોરબીમાં સ્પા ના નિયમન નિયંત્રણ માટે જિલ્લા કલેકટરે બહાર પાડયુ જાહેરનામુ

પ્રતિનિધિ,ગાંધીનગર

મોરબી જિલ્લામાં સ્પા / મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનુ સેવન તથા દેહ વેપારની શકયતા હોય છે, કેટલાક અસામાજિક તત્વો આવા સ્પા / મસાજ પાર્લરની આડ માં ગુન્હાહીત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેથી મોરબી જિલ્લા મેજીસ્ટ્રેટ કે બી ઝવેરી દ્વારા સ્પા ના નિયમન અને નિયંત્રણ અંગેનુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.




મોરબી જિલ્લા વિસ્તારમાં સ્પા / મસાજ પાર્લરોના માલિકો તેમજ આવા સ્પા / મસાજ પાર્લરોના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફસ તથા રેકોર્ડિંગ સુવિધા સાથે સીસીટીવી એન્ટ્રી, રીસેપ્શન તથા કોમન એરીયામાં ફરજીયાત રાખવાનુ રહેશે. ૩ મહિના સુધી ના સીસીટીવી રેકોર્ડિંગની સંપૂર્ણ માહિતી સાથે સાચવી રાખવાનુ રહેશે અને સંબંધીત પોલીસ સ્ટેશને જરૂર પડે આ માહિતી આપવાની રહેશે. આ અંગે જે તે પોલીસ સ્ટેશનના પોલીસ ઓફીસરે રજીસ્ટ્રર નિભાવવાનુ રહેશે, સંચાલક અને કર્મચારીના પાસપોર્ટ સાઈઝના ફોટો સાક્ષીની સહી સહિતની વિગત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. આ જાહેરનામુ ૩૧/૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

## હવે ગામડાના તલાટીઓ પંચાયત વેરો કે ફાઈલો તપાસ સે કે શ્વાન ભગાડશે? સરકારે સોંપી વિચિત્ર જવાબદારીઃ ૮ અઠવાડીયાનુ આપ્યું અલ્ટીમેટમ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુપ્રિમ કોર્ટના દિશા નિર્દેશો બાદ રાજયના ગ્રામ વિકાસ વિભાગે રખડતા શ્વાનોના આતંકને ડામવા માટે કમરકસી છે. હવેથી સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંકુલો અને હોસ્પીટલોમાં શ્વાન પ્રવેશતા અટકાવવા માટે ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રીને નોડલ ઓફીસર તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. ગ્રામ વિકાસ કમિશ્નરે એક પરીપત્ર જાહેર કરી આગામી ૮ અઠવાડીયામાં તમામ સરકારી પરીસરોમાં બાઉન્ડ્રી વોલ અને ગેટ જેવી સુવિધાઓ ઉભી કરવાના કડક આદેશ જારી કર્યા છે.




રાજયભરમાં રખડતા ઢોર અને શ્વાનોની સમસ્યા ગંભીર બની રહી છે. ત્યારે સુપ્રિમ કોર્ટના આદેશને પગલે ગ્રામ વિકાસ કમિશ્નર દ્વારા એક મહત્વપૂર્ણ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ આદેશ અન્વયે હવે સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ શ્વાનોનો પ્રવેશ નિષેધ કરવા માટે વહિવટી તંત્રને સમયબધ્ધ કામગીરી સોંપવામાં આવી છે. નવા આદેશ મુજબ ગામડાથી લઈને જિલ્લા કક્ષા સુધી ચોકકસ અધિકારીઓને નોડલ ઓફીસર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. જેમને આ કામગીરીની દેખરેખ રાખવાની રહેશે. જેમાં ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી, તાલુકા કક્ષાએ પશુ ચિકિત્સક અધિકારી અને જિલ્લા કક્ષાએ નાયબ નિયામક (પશુ પાલન)

આ નોડલ અધિકારીઓની વિગતો અને સંપર્ક માહિતી જે તે સરકારી સંસ્થાના મુખ્ય પ્રવેશ દ્વાર પર દરેક નાગરીક વાંચી શકે તે રીતે પ્રદર્શિત કરવાની રહેશે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ અધિકારીઓની નિમણુંક અંગેના સત્તાવાર હુકમો કરવામાં આવશે. જિલ્લા પંચાયત હસ્તકની તમામ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પીટલો, બસસ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન અને જાહેર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં રખડતા શ્વાન ઘુસી ન જાય તે માટે સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવાની રહેશે. આ માટે સંસ્થાના વહિવટી વડાઓએ નોડલ ઓફીસરના માર્ગદર્શન હેઠળ આગામી ૮ અઠવાડીયામાં કમ્પાઉન્ડ વોલ, વાડ અને મજબુત ગેટ જેવી વ્યવસ્થા અનિવાર્ય પણે ઉભી કરવાની રહેશે. આ ઉપરાંત આગામી બે અઠવાડીયામાં આવી સંસ્થાઓની યાદી પણ તૈયાર કરી લેવાની તાકીદ કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની જવાબદારી રહેશે કે જો કોઈ પરીસરમાં રખડતા કુતરા મળી આવે તો તેને તાત્કાલીક ત્યાંથી દુર કરવામાં આવે, એનીમલ બર્થ કંટ્રોલ રૂલ્સ ૨૦૨૩ અંતર્ગત આવા શ્વાનોનુ રસીકરણ અને નશબંધી કર્યા બાદ તેમને નિયત આશ્રય સ્થાનમાં ખસેડવાના રહેશે. ખાસ નોંધનીય બાબત એ છે કે આવા પકડાયેલા શ્વાનોને સારવાર બાદ પુનઃ તે જ સ્થળે છોડવામાં આવશે નહી,

આ ઝુંબેશ માત્ર કાગળ પર ન રહી જાય તે માટે મોનીટરીંગની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તાલુકા પંચાયતે દર ૩ મહિને તેમના તાંબા હેઠળની સંસ્થાઓનુ નિરીક્ષણ કરી કુતરાના રહેઠાણો દુર કરવાના રહેશે, જિલ્લા વિકાસ અધિકારીએ એકશન પ્લાન બનાવી દર ૩ મહિને રીવ્યુ મીટીંગ યોજીને કામગીરીની સમિક્ષા કરવાની રહેશે. શહેરી વિસ્તારને અડીને આવેલી ગ્રામ પંચાયતોના નોડલ ઓફીસરોએ મહાનગરપાલિકા કે નગરપાલિકાના ચીફ ઓફીસર સાથે સંકલન સાધીને રસીકરણ અને નશબંધીની કામગીરી પુર્ણ કરવાની રહેશે.

## ગુજરાતના ૬ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન : ૯ અધિકારીઓને અપાયુ પોસ્ટીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયના વહિવટી તંત્રમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. રાજયના કુલ ૬ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યુ છે જયારે તાલીમ પૂર્ણ કરનારા ૯ યુવા આઈપીએસ અધિકારીઓને રાજયના વિવિધ જિલ્લાઓમાં પોસ્ટીંગ આપીને તેમની સેવાઓ શરૂ કરવામાં આવી છે. પ્રમોશન મેળવનાર અધિકારીઓ રાજય સરકારે જે ૬ વરીષ્ઠ આઈપીએસ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યુ છે.



જેમાં મનોજ શશીધર, રાજુ ભાર્ગવ, દિવ્યા મિશ્રા, દિપન ભદ્રન, સૌરભ તોલબીયા, પી વી રાઠોડનો સમાવેશ થાય છે. આ પ્રમોશનથી રાજય પોલીસદળમાં વરીષ્ઠ સત્વરે મહત્વના બદલાવ આવશે. ડેપ્યુટેશન પર રહેલા સીબીઆઈના ડાયરેકટર મનોજ શશીધરને ડીજીપી તરીકેનુ પ્રમોશન અપાયુ છે. આર્મ્સ યુનિટના એડીજીપી રાજુ ભાર્ગવને ડીજીપી તરીકેનુ પ્રમોશન અપાયુ છે, તો બીજી તરફ સેન્ટ્રલ આઈબીના એડીશનલ ડેપ્યુટી ડાયરેકટર દિવ્ય મિશ્રાને આઈજીપી તરીકેનુ પ્રમોશન અપાયુ છે, કેબિનેટ સેક્રેટ્રીએટ માં ડાયરેકટર દિપેન ભદ્રન ને આઈજીપી તરીકેનુ પ્રમોશન અપાયુ છે, જયારે જીએએસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લીમીટેડના સીકયુરીટી એડવાઈઝર સૌરભ તોલબીયાને આઈજીપી તરીકેનુ પ્રમોશન અપાયુ છે. જયારે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ માં ડીઆઈજી પી વી રાઠોડને આઈજીપી તરીકેનુ પ્રમોશન અપાયુ છે.

તાજેતરમાં તાલીમપૂર્ણ કરનારા ૯ આઈપીએસ અધિકારીઓને રાજયના વિવિધ મહત્વના જિલ્લાઓમાં મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે પોસ્ટીંગ આપવામાં આવ્યુ છે. આ નિમણુંકો અમદાવાદ, ભાવનગર, સુરત, કચ્છ, સુરેન્દ્રનગર, છોટા ઉદેપુર, રાજકોટ, મહિસાગર અને વલસાડ જેવા જિલ્લાઓમાં કરવામાં આવી છે. (૧) અંકિતા મિશ્રાની અમદાવાદ ગ્રામ્યમાં મદદનીશ પોલીસ અધિક્ષક અસલાલી વિભાગમાં નિમણુંક (૨) ઘનશ્યામ ગૌતમની ભાવનગર ગ્રામ્યમાં મદદનીશ પોલીસ અધિક્ષક તરીકેનુ નિમણુંક (૩) અક્ષેષ એન્જીનીયરની સુરત ગ્રામ્ય મદદનીશ પોલીસ અધિક્ષક માંડવી તરીકે નિમણુંક (૪) હર્ષા શર્માની છોટા ઉદેપુરમાં મદદનીશ પોલીસ અધિક્ષક બોડેલી વિભાગમાં નિમણુંક (૫) ગૌતમ વિવેકાનંદની કચ્છમાં મદદનીશ પોલીસ અધિક્ષક મુંદ્રા વિભાગમાં નિમણુંક (૬) વેદીકા બિહાનીની સુરેન્દ્રનગરમાં મદદનીશ પોલીસ અધિક્ષક તરીકે નિમણુંક (૭) નવીન રેપુડીની રાજકોટ ગ્રામ્યમાં મદદનીશ પોલીસ અધિક્ષક જસદણ વિભાગમાં નિમણુંક (૮) વિકાસ યાદવની મહિસાગરમાં મદદનીશ પોલીસ અધિક્ષક સંતરામપુર વિભાગમાં નિમણુંક (૯) ડો. સંદીપ ટી ની વલસાડમાં મદદનીશ પોલીસ અધિક્ષક ધરમપુર વિભાગમાં નિમણુંક

આ યુવા અધિકારીઓની નિમણુંકથી જિલ્લા સ્તરે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબુત બનશે અને વહિવટી પ્રક્રિયાને ગતિ મળશે.

## જિગ્નેશ મેવાણી ઈફેકટઃ બુટલેગરોનો ૩ દિવસ ડ્રાય ડેઃ દારૂના પોઈન્ટ બંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં દારૂ ડ્રગ્સ અને જુગારના ગેરકાયદે અડ્ડાઓ મામલે કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી આકરા પાણીએ છે. મેવાણીએ ગુજરાતના લોકોને અપીલ કરી છે કે તેમને જયાં પણ દારૂ / જુગાર કે ડ્રગ્સ વેચાતુ જોવા મળે તો તેનો વિડીયો ઉતારી લેવો અને ફોટા પાડી લેવા, જેને પગલે જિગ્નેશ મેવાણીની ચીમકીને લીધે જાણે કે બુટલેગરો દ્વારા ૩ દિવસ માટે ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. સતત ધમધમતા પોઈન્ટ ઉપર બોટલ લેવા માટે આવતા જતા લોકોની ભીડ અચાનક ઓછી થઈ જતા લોકો પણ આશ્ચર્યચકીત થઈ ગયા છે. દારૂ જુગારના અડ્ડાઓ તેમજ ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓના પટ્ટા ઉતરાવી લેવાની વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીની વાત થી છેલ્લા કેટલાય દિવસથી ગુજરાતનુ રાજકારણ ગરમ બનેલુ છે, સરકાર અને નિવૃત્ત પોલીસ, કથિત પોલીસ પરીવાર અને મેવાણી તેમજ તેમના સમર્થકો વચ્ચે ગુજરાતમાં આક્ષેપ પ્રતિ આક્ષેપ થઈ રહ્યા છે. દરમિયાન મેવાણીએ ખુલ્લેઆમ ચાલતા દારૂના પોઈન્ટના ફોટા / વિડીયો ઉતારી લેવાની લોકોને અપીલ કરી હતી. આવો કોઈ વિડીયો કે ફોટા વાયરલ થાય તો ગુજરાતમાં બેફામ ચાલતા દારૂના અડ્ડા અંગેના આક્ષેપને બળ મળે. સરકારનુ ખરાબ લાગે, રાજયની ભાજપ શાસિત સરકાર અને પોલીસ શરમજનક સ્થિતિમાં ન મુકાય તેની તકેદારીના ભાગરૂપે બુટલેગરોએ જ વચલો રસ્તો કાઢીને સોમવાર થી ૩ દિવસ સુધી પોઈન્ટ બંધ કરી દીધા છે. સામાન્ય રીતે ગાંધી બાપુના જન્મ દિવસે, ૧૫ મી ઓગસ્ટ, ગણતંત્ર દિવસે તેમજ ચુંટણી દરમિયાન ગુજરાત જેવા ડ્રાય સ્ટેટ સહિત જયાં દારૂ વેચવાની અને પીવાની છુટ છે ત્યાં ડ્રાય ડે જાહેર કરવામાં આવતો હોય છે એ દિવસો દરમિયાન લીકર શોપ માં થી દારૂ મળતો નથી, પરંતુ બુટલેગરો દ્વારા સ્વયંભુ ૩ દિવસ પોઈન્ટ બંધ કરી દેતા ડ્રાય ડે જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જયાં થી થોડા દિવસ પહેલા જ ૩ કરોડનો કન્ટેનરમાં આવેલો શરાબ ના જથ્થાને ઝડપી લેવામાં આવ્યો છે તે સરહદી જિલ્લા કચ્છમાં ભુજ તેમજ તેની આસપાસના માધાપર સહિતના વિસ્તારોમાં ચાલતા દારૂના પોઈન્ટ રવિવાર રાત થી જ બંધ કરી દેવામાં આવ્યા હતા. ભુજમાં પાંચેક જગ્યાએ તેમજ માધાપરમાં પણ અમુક જગ્યાએ વહેલી સવારના ૩ વાગ્યા સુધી પોઈન્ટ ધમધમતા હતા, બુટલેગર દ્વારા પેમેન્ટ પણ ઓનલાઈન લેવામાં આવતુ હતુ. માત્ર એટલુ જ નહી પરંતુ ભુજ સહિત કચ્છમાં કઈ જગ્યાએ કયા બુટલેગરનો અડ્ડો ચાલે છે તેનુ એક લીસ્ટ પણ વાયરલ થયુ હતું.

